| | |
|---|---|
| રજૂ થયા તારીખ | 25-11-2010 |
| દાખલ થયા તારીખ | 25-11-2010 |
| ફેસલ થયા તારીખ | 15-04-2026 |
| અવધિ | વર્ષ:15 માસ:4 દિવસ:21 |

**<u>રાણપુરના મહે. જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની અદાલતમાં, મુ.રાણપુર,બોટાદ</u>**

ફો.કે નં: 195/16

આંક- 179

શ્રી સરકાર ........ .......... ફરિયાદી

વિરુદ્ધ

(૧) ભરતભાઈ જેઠુરભાઈ ધાંધલ ઉ.વ.૨૬.

(૨) રણજીતભાઈ જેઠુરભાઈ ધાંધલ ઉ.વ.૩૦.

(૩) ધીરુભાઈ સામતભાઈ ખાચર ઉ.વ.૫૦.

(૪) પ્રતાપભાઈ અનકભાઈ ખાચર ઉ.વ.૨૦.

(૫) રણજીતભાઈ અનકભાઈ ખાચર ઉ.વ.૨૪.

(૬) ઉમેશભાઈ ઉર્ફે ખુરી અનકભાઈ ખાચર ઉ.વ.૨૨.

(૭) હરેશભાઈ ગભરુભાઈ ખાચર ઉ.વ.૨૨.

(૮) શીવરાજભાઈ ઉર્ફે શીવકુભાઈ દાનભાઈ ખાચર ઉ.વ.૧૯.

રહે.બધા ખસ તા.રાણપુર, જિ.બોટાદ.

......... .........આરોપીઓ

**ગુનો: ઇ.પી.કો.કલમ-147,148,149, 323,324,326 તથા જી.પી એક્ટ કલમ 135.**

**ફરિયાદી તરફે: વિ.એ.પી.પી.શ્રી એ.એસ.રાઠોડ**

**આરોપી તરફે : વિ.વ.શ્રી એન.જી.વસોયા**

1. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના સાહેદ નં.૧૧ કરમશીભાઇ માધાભાઇ ડાભીનું ખેતર બગડના માર્ગે આવેલ હોય અને તેઓના ખેતરની બાજુમાં તમો આરોપીઓ નં.૧ અને ૨. નાઓના ખેતર આવેલ હોય અને આરોપીઓ અવાર-નવાર સાહેદના ખેતરમાંથી પસાર થતાં હોય, અને સાહેદનું ખેતર પચાવી પાડવાના ઇરાદે સાહેદને ધાક-ધમકી આપી, ખેતર ખેડવા ન દેતા હોય, જેથી સાહેદે દિવાની રાહે કેસ કરેલ હોય, જે કેસ ચાલુ હોય તેનું મનદુ:ખ રાખી, તારીખ ૧૦/૦૭/૨૦૧૦ ના કલાક ૧૭.૦૦ વાગ્યે મોજે ખસ ગામે રામદેવપીરના મંદીર પાસે તમો આરોપીઓ એક સંપ થઇ, ગેરકાયદેસર મંડળી રચી, પોતાનો સમાન ઇરાદો પાર પાડવા સાહેદ નં.૧૧ ને ધારીયું, ફરસી, લોખંડની પાઈપ, કુંડળીવાળી લાકડી તથા સાદી લાકડીઓ જેવા ઘાતક હથિયારો વડે માથામાં તથા હાથે-પગે તથા શરીરે જુદા-જુદા ભાગે માર મારી, ગંભીર ઇજાઓ કરી તથા બંને હાથે તથા પગે ફ્રેકચર કરી, ઇજાઓ પહોંચાડી, ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મહેરબાન જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ શ્રી બોટાદના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી ઈ.પી.કો.કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો કર્યાની ફરિયાદ ફરિયાદીએ રાણપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નંબર:- ૩૧/૨૦૧૦ થી જાહેર કરેલ છે. જે ગુન્હો પોલીસે નોંધી તપાસના અંતે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.

2. આ કામે આરોપીઓને સમન્સની ધોરણસરની બજવણી થતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા તેમને કી.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ વીના મુલ્યે પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે.

અને આંક-14 થી તહોમતનામું ઘડી આરોપીઓની પ્લી આંક-15 થી આંક-22 લગત રેકર્ડ કરવામાં આવેલ છે.આરોપીઓએ પોતાની પ્લી દરમ્યાન ગુન્હો કબુલ ન હોય કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ છે.

3. આ કામે ઉપરોક્ત ગુનો પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

-: **ફરિયાદ પક્ષ નો મૌખિક પુરાવો**: -

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| 1. | ફરીયાદી લીલાબેન કરમશીભાઇ ડાભીની જુબાની | 63 |
| 2. | પંચ ભીમજીભાઈ અણદાભાઈ ચૌહાણની જુબાની | 67 |
| 3. | પંચ તખતસંગભાઈ વીરસંગભાઈ ગોહિલની જુબાની | 69 |
| 4. | સાહેદ થોભણભાઈ કાનજીભાઈ ડાભીની જુબાની | 70 |
| 5. | સાહેદ કરમશીભાઈ માધાભાઈ ડાભીની જુબાની | 73 |
| 6. | સાહેદ ભિમજીભાઈ અણદાભાઈની જુબાની | 120 |
| 7. | પંચ સાહેદ ઉદયભાઈ મેરુભાઈ ખાચર | 121 |
| 8 | પંચ સાહેદ ગભરૂભાઇ આપાભાઈ ખવડની જુબાની | 123 |
| 9 | સાહેદ શોભાબેન વા/ઓફ રમેશભાઈ સાકળીયાની જુબાની | 134 |
| 10 | સાહેદ રસીકભાઈ ગીરધરભાઈ ડાભીની જુબાની | 139 |
| 11 | સાહેદ નાગરભાઈ માધાભાઈ ડાભીની જુબાની | 144 |
| 12 | સાહેદ મનજીભાઈ માધાભાઈ ડાભીની જુબાની | 145 |
| 13 | સાહેદ હંસરાજભાઈ કરમશીભાઈ ડાભીની જુબાની | 147 |
| 14 | પંચ સાહેદ હર્ષદભાઈ શામજીભાઈ કણજારીયાની જુબાની | 152 |
| 15 | પંચ સાહેદ લાલજીભાઇ કલ્યાણભાઈ ચાવડાની જુબાની | 154 |
| 16 | ત.ક.અ. શ્રી હર્ષદભાઈ વીરજીભાઇ નિનામાની જુબાની | 162 |
| 17 | સાહેદ ડો.શ્રી જાગૃત દુષ્યંત છાયાની જુબાની | 164 |

| | | |
|---|---|---|
| 18 | ત.ક.અ. શ્રી જીતેન્દ્રભાઈ મગનભાઈ ભોરણીયાની જુબાની | 177 |

**-: ફરિયાદપક્ષ નો લેખીક પૂરાવો:-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| 1. | ફરિયાદ | 64 |
| 2. | ગુનાવાળી  જગ્યાનું પંચનામું | 68 |
| 3. | હથિયાર રીકવરી પંચનામુ | 122 |
| 4 | ઇજા પામનારના કપડાનું પંચનામુ | 153 |
| 5. | એમ.એલ.સી. સર્ટીફિકેટ | 165 |

4. ઉપરોક્ત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા.આ કામે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા પૂરતો પુરાવો જણાઈ આવતો હોય  કલમ 313 હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ ખોટો કેસ કરેલ હોવાનું અને આરોપી નિર્દોષ હોવાનું જણાવેલ છે.

5. ઉપરોક્તઆ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:-

    1. શું ફરિયાદ પક્ષ પુરવાર કરે છે કે,  આ કામના સાહેદ નં.૧૧ કરમશીભાઇ માધાભાઇ ડાભીનું ખેતર બગડના માર્ગે આવેલ હોય અને તેઓના ખેતરની બાજુમાં તમો આરોપીઓ નં.૧ અને ૨. નાઓના ખેતર આવેલ હોય અને આરોપીઓ અવાર-નવાર સાહેદના ખેતરમાંથી પસાર થતાં હોય, અને સાહેદનું ખેતર પચાવી પાડવાના ઇરાદે સાહેદને ધાક-ધમકી આપી, ખેતર ખેડવા ન દેતા હોય, જેથી સાહેદે દિવાની રાહે કેસ કરેલ હોય, જે કેસ ચાલુ હોય તેનું મનદુ:ખ રાખી, તારીખ ૧૦/૦૭/૨૦૧૦ ના કલાક ૧૭.૦૦ વાગ્યે મોજે ખસ ગામે રામદેવપીરના મંદીર પાસે તમો આરોપીઓ એક સંપ થઇ, ગેરકાયદેસર મંડળી રચી, પોતાનો સમાન ઇરાદો પાર પાડવા સાહેદ નં.૧૧ ને ધારીયું, ફરસી, લોખંડની પાઈપ, કુંડળીવાળી લાકડી તથા સાદી લાકડીઓ જેવા ઘાતક હથિયારો વડે માથામાં તથા હાથે-પગે તથા શરીરે જુદા-જુદા ભાગે માર મારી, ગંભીર ઇજાઓ કરી તથા બંને હાથે તથા

પગે ફ્રેકચર કરી, ઇજાઓ પહોંચાડી, ગાળો બોલી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી મહેરબાન જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ શ્રી બોટાદના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરી આરોપીઓએ ઈ.પી.કો. કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૬, ૫૦૪, ૫૦૬(૨), તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

2. શું હુકમ?

6. ઉપરોક્ત મુદ્દા અંગેના કારણો નીચે મુજબ છે.

1. અંશતઃ હકારમાં(કલમ 326 પૂરતું હકારમાં)

2. આખરી હુકમ મુજબ

7. ફરિયાદપક્ષે આ કામે આંક-૬૩ થી ફરિયાદી લીલાબેન કરમશીભાઈ ડાભીને સોગંદ પર તપાસતાં તેઓ તેમના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, બનાવની ચોક્કસ તારીખ મને યાદ નથી. બનાવ આશરે આઠ વર્ષ અગાઉ રામાપીરના મંદીર આગળ સાંજના પાંચ થી સાડા પાંચ વાગ્યાના અરસામાં બનેલો. બનાવના દિવસે અમે અમારી વાડીએ ખેડવા માટે ગયેલા અને ખેડાણ કરીને અમે પરત આવી ગયેલા અને સાંજે રામાપીરના મંદીરે બેઠેલા હતા અને પાછળથી આવીને મારવા લાગેલા. ભરતભાઈ આવેલા પછી તેઓ આવીને મારવા લાગેલા પછી રણજીતભાઈ મારવા લાગેલા. ઝા-ઝા વર્ષ થયેલા એટલે બનાવ અંગે મને કાંઇ ખબર નથી. જમીન માટે મારવા લાગેલા, પછી ૧૦૮ ને બોલાવેલી ત્યાર બાદ બોટાદ સરકારી હોસ્પિટલમાં ગયેલા અને મારા પતિની દવા કરાવેલી માત્ર મારા પતિની દવા કરાવેલી. મારા પતિને જેહુરભાઈ, રણજીતભાઈ, ભરતભાઈનાઓએ માર મારેલો. બનાવ સમયે મે જે ૩ ના નામ લખાવેલા અને બીજા આઠ જણા ગાળો બોલતા હતાં. બનાવ અંગે મે પોલીસમાં ફરિયાદ કરેલી મને ફરિયાદ બતાવવામાં આવે છે. જેમાં મારા અંગુઠાનું નિશાન છે જે હું ઓળખી બતાવું છું. જેને રજૂ દાખલ આંક-૬૪ આપવામાં આવે છે. આજ રોજ આરોપીઓ કોર્ટમાં હાજર છે તે તે જ છે.

સદર ફરિયાદીની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે કરમશીભાઈ મારા પતિ ગીરધરભાઈ મારા જેઠ થાય છે તથા અમારે અને જેહુરભાઈને ખેતર બાબતે

ઘણા સમયથી મનદુ:ખ ચાલે છે તથા ખેતર બાબતે દિવાની દાવા કરેલા છે તેમજ આ ફરિયાદ સીવાય મારા પતિએ, મારા જેઠ અને દિયરે જેઠુરભાઈ વિગેરે સામે ફરિયાદ દાખલ કરેલી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બીક લાગી એટલે ફરિયાદ કરેલી. એ વાત ખરી છે કે મારા પતિ અને જેઠ સામે આ જ કોર્ટમાં ફરિયાદ ચાલે છે તથા રામાપીરના મંદીરથી અમારું ઘર ૩-૪ મકાન મુકીને આવેલ છે અને રામાપીરનું મંદીર રોડ પર અને અમારું ઘર ખાંચામાં આવેલ છે તેમજ અમારા ઘરથી રામાપીરનું મંદીર દેખાય નહીં. એ વાત ખરી છે કે હું રામાપીરના મંદીરે ગઈ ત્યારે મારા પતિ નીચે પડેલ હતા તથા મારા પતિના કપડા લોહી-લુહાણ થઇ ગયેલ હતા તથા મારા પતિ જયાં પડેલ હતા ત્યાં જમીન પર લોહી પડેલું હતું તેમજ મારા જેઠનો દિકરો રસીકભાઈ છાયા હોસ્પિટલમાં મારી સાથે હતો તેમજ ફરિયાદ મારા જેઠના દિકરા રસીકભાઇએ લખાવેલી. એ વાત ખરી નથી કે આરોપીઓએ મારા ધણીને કોઇ માર મારેલ નથી કે ગાળો આપેલ નથી કે અમારે જમીનની તકરાર ચાલતી હોય ખોટી ફરિયાદ કરેલી.

8. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૬૭ થી પંચ સાહેદ ભીમજીભાઈ અણદાભાઈ ચૌહાણને તથા આંક-૬૯ થી પંચ સાહેદ તખતસંગભાઈ વીરસંગભાઈ ગોહિલને સોગંદ પર તપાસતાં તેઓ તેમના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, તારીખ ૧૨/૦૭/૨૦૧૦ ના રોજ રાણપુર પોલીસે ખસ ગામે મેઇન બજાર પાસે બોલાવી એક લખેલા તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા અમોએ સહી કરી આપેલી પંચનામુ અમોએ વાંચેલ નહી કે અમોને વાંચી સંભળાવેલ નથી. અમો સહી કર્યા સીવાય આ પંચનામામાં કશુ જાણતા નથી. અમોને અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમાં અનુક્રમે પંચ નં.૧ તરીકે ભીમજીભાઈ અને પંચ નં.૨ તરીકે તખતસંગભાઈની સહી છે જેને રજૂ દાખલ આંક-૬૮ આપવામાં આવે છે.

ઉપરોક્ત પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને એ.પી.પી.શ્રીની ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. સદર પંચ સાહેદોની ઉલટતપાસ લીધેલ નથી.

9. ત્યારબાદ આંક-૭૦ થી સાહેદ થોભણભાઈ કાનજીભાઈ ડાભીને સોગંદ પર તપાસતા તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, બનાવની ચોક્કસ તારીખ હાલ મને યાદ નથી. બનાવ સાત-આઠ વર્ષ અગાઉ રામદેવપીરના મંદીર પાસે ખસ ગામે સાંજના પાંચ વાગ્યાના અરસામાં બનેલો. બનાવ સમયે હું બોટાદ હતો ત્યારે મારા ભાઈ રસીકભાઈને ઉપર ફોન આવેલો કે કાકાને મારેલ છે, જેથી હું સોનાવાલા હોસ્પિટલ બોટાદ ખાતે ગયેલો ત્યારે જઈને જોયું તો મારા કાકા કરમશીભાઈના બંને હાથ ભાંગેલા હતા અને ડોકટરે વધુ સારવાર માટે ભાવનગર લઇ જવાનું કહેતા મારા કાકાને છાયા હોસ્પિટલમાં લઇ ગયેલા. મારા

કાકાને આરોપી રણજીતભાઈ, ભરતભાઈ તથા બીજા ચાર-પાંચ જણાયે હુમલો કરી મારેલ હતું. પોલીસે મારી પુછપરછ દવાખાનામાં કરેલી. આરોપી કોર્ટમાં હાજર છે જેને હું ઓળખી બતાવું છું.

સદર ફરિયાદીની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે કરમશીભાઈ મારા ભાઇ થાય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કરમશીભાઈ મારા કાકા થાય છે. એ વાત ખરી છે કે બનાવ સમયે હું બોટાદ હોય બનાવ નજેર જોયેલ નથી તેમજ બનાવની હકિકતની જાણ મારા ભાઈએ ફોનમાં કરતાં મને જાણ થયેલ. એ વાત ખરી છે કે મારા કાકાની આ કામના આરોપીઓ સાથે જમીનની તકરાર બાબતે દાવા દુવી અને કેસો થયેલા છે તેમજ આ કામના આરોપીઓની જમીન અમારા શેઢે આવેલ હોય અને અમો એક જ ગામના રહેવાસી હોય તેઓને સારી રીતે ઓળખીએ છીએ. મારા કાકાને દવાખાને દોઢેક માસ રાખવામાં આવેલા. એ વાત ખરી નથી કે આ દોઢેક માસ દરમ્યાન અમો અમારા કાકાની સારવાર માટે તેમની સાથે રોકાયેલા. બનાવ બન્યાના બે-ત્રણ દિવસ બાદ પોલીસ મારું નિવેદન લેવા દવાખાને આવેલી. લીલાબેન મારા કાકી, શોભાબેન મારી બહેન, તથા રસીકભાઈ મારા ભાઇ થાય છે. એ વાત ખરી છે કે, પોલીસ મારું નિવેદન લેવા આવી ત્યારે ઉપર જણાવેલ તમામ લોકો દવાખાને સારવારમાં સાથે હતા તેમજ પોલીસ બનાવની હકિકતની પુછપરછ લીલાબેન, રશીકભાઇ તથા શોભાબેનને કરતી હતી તથા મને પુછપરછમાં મારું નામ,સરનામું તથા કરમશીભાઈ સાથેનો સંબંધ આટલી જ હકિકત પુછેલી તે સીવાય બીજી કોઇ હકિકત પુછેલી નહીં. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓએ કરમશીભાઇને કોઇ હથિયાર વડે માર મારેલ નથી કે કોઈ આવો બનાવ બનેલ નથી પરંતુ ખેતી કામ કરતા ટ્રેકટર ઉપરથી નીચે પડી જવાથી કહેવાતી ઇજા થયેલ છે. એ વાત ખરી નથી કે આ કામના આરોપીઓ સાથેઉપરોકત પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને એ.પી.પી.શ્રીની ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. જમીનની તકરાર ઘણા સમયથી ચાલતી હોય જે તકરારને બર લાવવા માટે થઇ ખોટી ફરિયાદને સમર્થન આપવા ખોટી જુબાની આપું છું કે આવો કોઈ બનાવ બનેલ નથી અને કોર્ટમાં ખોટી જુબાની આપુ છું.

10. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૭૩ થી સાહેદ કરમશીભાઈ માધાભાઇ ડાભીને સોગંદ તર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, બનાવની તારીખ ૧૦/૧૦/૨૦૦૭ ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યે રામાપીરના મંદીરે બનેલો. હું રામાપીરના મંદીરે બેઠો હતો ત્યારે આ કામના આરોપી રણજીતભાઈ જેઠુરભાઇ તથા તેમની સાથેના સાત-આઠ માણસો આવી મને માથામાં ફરસી મારી હતી અને ધીરુભાઈ સામતભાઈએ મને જમણા હાથના પંજા ઉપર કાંડાના ભાગે લોખંડની પાઇપ મારી હતી તથા પ્રતાપભાઇ અનકભાઈએ લોખંડની પાઈપ જમણા પગના નળાની ઉપર મારેલી તથા રણજીતભાઈ અનકભાઈએ

કુંડલીવાળી લાકડી પગના નળાના ભાગે મારેલી અને રણજીત જેઠુરભાઇએ ધારીયું પગના પંજામાં મારેલ અને ઉમેશ અનકભાઈએ કુંડલીવાળી લાકડી મને જમણાં હાથના કાંડા ઉપર મારેલ. સાહેદ હવે જણાવે છે કે મને ડાબા હાથના કાંડા ઉપર મારેલ. હરેશ ગભરુભાઈએ કુંડલીવાળી લાકડી મારા ટાંગામાં મારેલી. શીવરાજ દાનભાઇએ મને પગમાં લાકડી મારેલી ત્યારબાદ દેકારો થતાં મારા ઘરના લીલાબેન કરમશીભાઈ, શોભાબેન તથા રસીકભાઈ દોડી આવેલા. અમારા ઘરના મારા પર પડી ગયેલા. પછી માર દિકરી શોભના તથા રશીકભાઈ આવેલા. રસીકભાઇએ ૧૦૮ બોલાવી મને બોટાદ સોનાવાલા દવાખાનામાં લઈ ગયેલા. સોનાવાલાએ મારા ઘરનાઓને એવું કહેલું કે ભાવનગર લઇ જાવ ત્યારબાદ છાયા હોસ્પિટલમાં લઇ ગયેલા અને મને ત્યાં દાખલ કરેલો. સવારના પાંચ વાગ્યે મારું ઓપરેશન કરી પગમાં સળીયા નાખેલા. ત્યારબાદ રાણપુરથી મામલતદાર સાહેબ ડી.ડી. કરવા આવેલા, પછી બીજા દિવસે ૧૧મી તારીખે મામલતદાર સાહેબ આવેલા અને પછીની ૧૨મી તારીખે પોલીસવાળા આવેલા. અમાર હંસરાજભાઈ પાસેથી લુગડા પોલીસવાળા લઇ ગયા તે પીળા કલરનો બુશર્ટ હતો અને ભુરા કલરનું પેન્ટ હતું. અમને આજે મારી નાખવાની બીક લાગે છે જેથી બોટાદ રહેવા જતા રહ્યા છીએ. અમારી અને એમની જમીન એક શેઢે આવેલી છે જે પચાવી પાડવા માટે મને માર મારેલો. મે ચાર-પાંચ કેસો કરેલા છે. એક દાવો કરેલ છે જે દાવો અમે જીતી ગયેલ છીએ એટલે ભરતભાઇ જેઠુરભાઈ તથા રણજીતભાઇ એ બધા આઠેય જણા ધમકી આપે છે. જે ૪-૫ કેસો કરેલા તે ૨૦૧૦ પછી કરેલા. ભરતભાઈ જેઠુરભાઈ વિગેરે લોકો હથિયાર લઇને આડા ઉભા રહે તેમજ ખેતરમાં તલ વિગેરે લેવા દેતા નહીં જેથી કેસો કરેલા. પોલીસ પુછપરછ કરવા માટે છાયા હોસ્પિટલમાં આવેલી. આરોપીઓને જોયેથી ઓળખી શકું અમુક આરોપીઓ હાજર છે તે તે જ છે જે આરોપીઓ હાજર નથી તેમની ઓળખી તકરાર જતી કરેલ છે. મને મુદ્દામાલ હથિયાર બતાવવામાં આવે તો હું ઓળખી શકું. મને મુદ્દામાલ પાવતી નં.૭૫/૧૦ બતાવવામાં આવે છે.

જેમાં ક્રમ નં.૧ બતાવવામાં આવે છે જે જોઈને કહું છુ કે મુદ્દામાલ એક લાકડાના હાથામાં ફિટ. કરેલી ફરસી છે. આ મુદ્દામાલ ફરસી જોઈને કહું છું કે આગળના ભાગથી ભરતભાઇ જેહુરભાઇએ મારેલ. જે સદર મુદ્દામાલ પાવતીને આંક-૮૩ આપવામાં આવે છે. મને મુદ્દામાલ પાવતી નં. ૭૫/૧૦ આંક-૮૩ થી બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં.૨ જોઈને કહું છું કે મુદ્દામાલ એક ધારીયું હતુ તે તે જ છે. આ મુદ્દામાલ જોઇએ કહું છું કે આ ધારીયુ મને રણજીતભાઇ જેહુરભાઇએ પગના પંજા પર મારેલું.

મને મુદ્દામાલ પાવતી નં. ૭૫/૧૦ આંક-૮૩ થી બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં.૩ જોઈને કહું છું કે મુદ્દામાલ એક લોખંડની પાઇપ હતી તે તે જ છે. આ મુદ્દામાલ જોઇએ કહું છું કે આ પાઇપ મને છેડાના ભાગેથી ધીરુભાઈ સામતભાઇએ મારેલી,

મને મુદ્દામાલ પાવતી નં. ૭૫/૧૦ આંક-૮૩ થી બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં.૪ જોઇને કહું છું કે મુદ્દામાલ એક લોખંડની પાઇપ હતી તે તે જ છે. આ મુદ્દામાલ જોઇએ કહું છું કે આ પાઇપ મને છેડાના ભાગેથી પ્રતાપભાઈએ મારેલી.

મને મુદ્દામાલ પાવતી નં. ૭૫/૧૦ આંક-૮૩ થી બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં.૫ જોઈને કહું છું કે મુદ્દામાલ એક કુંડલીવાળી લાકડી હતી તે તે જ છે. આ મુદ્દામાલ જોઇએ કહું છું કે આ લાકડી મને રણજીતભાઈ અનકભાઈએ લાકડીના નીચેના પહોળા ભાગેથી મારેલું.

મને મુદ્દામાલ પાવતી નં. ૭૫/૧૦ આંક-૮૩ થી બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં.૬ જોઈને કહું છું કે મુદ્દામાલ એક લાકડી હતી તે તે જ છે. આ મુદ્દામાલ જોઇએ કહું છું કે આ લાકડી મને હરેશભાઈ ગભરુભાઇએ પગમાં મારેલી.

મને મુદ્દામાલ પાવતી નં. ૭૫/૧૦ આંક-૮૩ થી બતાવવામાં આવે છે. જેમાં ક્રમ નં.૭ જોઈને કહું છું કે મુદ્દામાલ એક લાકડી હતી તે તે જ છે. આ મુદ્દામાલ જોઇએ કહું છું કે આ લાકડી મને હરેશભાઈ ગભરુભાઇએ મને ઉપરના પહોળા ભાગેથી મને ઢિંચણના ભાગે મારેલી.

મને મુદ્દામાલ પાવતી નં. ૭૫/૧૦ આંક-૮૩ થી બતાવવામાં આવે છે. જેમા ક્રમ નં.૮ જોઈને કહું છું કે મુદ્દામાલ એક કુંડલીવાળી લાકડી હતી તે તે જ છે. આ મુદ્દામાલ જોઇએ કહું છું કે આ લાકડી મને શીવરાજભાઈ દાનાભાઇએ લાકડી ઉપરના પહોળાઇવાળા ભાગેથી પગના ભાગે મારેલી.

મને મુદ્દામાલ પાવતી નં. ૭૫/૧૦ આંક-૮૩ થી બતાવવામાં આવે છે. જેમા ક્રમ નં. ૧ જોઈને કહું છું કે મુદ્દામાલ કપડામાં પીળા કલરનો શર્ટ છે તે તે જ છે. બનાવ સમયે મે આ શર્ટ તથા પેન્ટ ભુરા કલરનું પહેરેલ હતું તે તે જ છે. જે સદર મુદ્દામાલ પાવતીને આંક-૮૪ આપવામા આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, મારુ તથા આરોપીઓનું મુળ વતન ખસ ગામ છે તથા આરોપીઓને વર્ષોથી ઓળખીએ છીએ. ખસ ગામમાં આવેલ રામાપીરના મંદીરથી થોડે દુર ત્રણ મકાન મુકીને રામાપીરના મંદીરના ખાંચામાં વળ્યા બાદ મારું મકાન આવે છે. એ વાત ખરી નથી કે મારા મકાનથી રામાપીરનું મંદીર દેખાય નહીં. બનાવ વખતે રામાપીરના

મંદીરવાળી બજારમાં આર.સી.સી. રોડ આવેલ હતો. એ વાત ખરી છે કે, અમોને ભરતભાઇ, જેઠુરભાઈ વિગેરે સાથે જમીન બાબતે તકરાર ચાલે છે તેમજ અમો તથા અમારા ભાઈ ગીરધરભાઈએ હાલના આરોપીઓ સામે અલગ-અલગ ફરિયાદો પણ કરેલી છે તથા રામાપીરના મંદીરથી ભરતભાઈ જેઠુરભાઈનુ ઘર તથા બધા આરોપીઓના ઘર આઘા(દુર) આવેલા છે. આ કહેવાતો બનાવ જેઠ મહિનામાં બનેલો. મને અંગ્રેજી મહિનામાં સમજણ પડતી નથી. એ વાત ખરી નથી કે બનાવ વખતે અંધારુ થઇ ગયેલું. અમો રામાપીરના મંદીરે બેઠા તે વખતે હું એકલો હતો. આરોપી જોડેનો બનાવ ૧૦-૧૫ મીનીટ ચાલેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બધા આરોનીઓઓ ૨૦-૨૫ ઘા કરેલા. એ વાત ખરી છે કે બનાવ વખતે, બનાવ સમયે મારા દિકરા હાજર ન હતા. એ વાત ખરી નથી કે બનાવ સ્થળે, બનાવ સમયે મારા પત્નિ હાજર ન હતા. એ વાત ખરી છે કે બનાવ સ્થળે હું આર.સી.સી. રોડ પર પડી ગયા પછી લોહી-લુહાણ થયા પછી મારા પત્નિ આવેલા હોય તેવું બનેલ નથી. સાહેદ જણાવે છે કે દેકારો થયા પછી મારા પત્નિ આવેલા. હવે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, મારા પત્નિ પછી આવેલા. મારા પત્નિ મને દવાખાને લઇ ગયેલા. દવાખાને પહોંચ્યા ત્યારે અમો બેભાન હાલતમાં હતાં. એ વાત ખરી છે કે, અમો બનાવવાળા સ્થળે રામાપીરના મંદીરે બેભાન થઇ ગયેલા. મને દવાખાને લઇ ગયા પછી બે-ત્રણ દિવસ પછી ભાનમાં આવેલા.મને પ્રથમ સોનાવાલા હોસ્પિટલે લઇ ગયેલા. પોલીસે મારી પુછપરછ છાયા હોસ્પિટલમાં કરી હતી. છાયા હોસ્પિટલમાં અમોની સારવાર ૩૪ દિવસ ચાલેલી, એ વાત ખરી છે કે, મારી પુછપરછ કરવા ખસ, બોટાદ ગામે આવેલ નથી તેમજ પોલીસે મને પોલીસ સ્ટેશને પણ પુછપરછ કરવા બોલાવેલ નથી. એ વાત ખરી છે કે, મારે અને આરોપીઓ વચ્ચે જમીનને લગતા રસ્તા બાબતે કેસ થયેલ તથા આ કામના આરોપીઓ સામે મે તથા મારા ભાઈ ગીરધરભાઈએ જમીનના રસ્તા. બાબતે આ ફરિયાદ સીવાય બીજી ફોજદારી ફરિયાદ કરેલી તેમજ આ તકરારી જમીન ભરતભાઇ દાયમાને વેચેલી તથા આ જમીનનો દસ્તાવેજ અમો તમામ ભાઇઓએ આરોપી નં.૧ ભરતભાઈ જેઠુરભાઈના પત્નિના નામે કરી આપેલો. એ વાત ખરી નથી કે, મને કોઇ હથિયાર વડે આ કામના આરોપીઓએ માર મારેલ નથી પરંતુ રામાપીરના મંદીરે ઓટા પરથી પડી જવાથી ઇજા થયેલી. એ વાત ખરી છે કે મે મારા સરતપાસમાં લખાવેલ હકિકત કે સવારના પાંચ વાગ્યે મારું ઓપરેશન કરી પગમાં સળીયા નાખેલા ત્યારબાદ રાણપુરથી મામલતદાર સાહેબ ડી.ડી. કરવા આવેલા પછી બીજા દિવસે ૧૧મી તારીખે મામલતદાર સાહેબ આવેલા અને પછીની ૧૨મી તારીખે પોલીસવાળા આવેલા. અમાર હંસરાજભાઈ પાસેથી લુગડા પોલીસવાળા લઇ ગયા તે પીળા કલરનો બુશર્ટ હતો અને ભુરા કલરનું પેન્ટ હતું. મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઇ બનાવ બનેલો ન હોવા છતાં આરોપીઓ સાથે અગાઉથી મનદુ:ખના કારણે મને કોઈ આરોપીઓએ ઇજા કરેલ ન હોવા છતાં મારા પત્નિએ ફરિયાદ કરેલી તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

11. ફરિયાદપક્ષે આંક-૧૨૦ થી સાહેદ ભીમજીભાઈ અણદાભાઈ દલવાડીને સોગંદ પર તપાસતા તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, મારે ખસ ગામમાં રજપુત શેરીમાં મારા ઘરની આગળ કરીયાણાની દુકાન આવેલ છે જે દુકાન હું સવારના સાતેક વાગ્યે ખોલી અને સાંજે સાતેક વાગ્યે બંધ કરીને ચલાવું છું.બનાવ આશરે ઘણા વર્ષો પહેલા હું મારી દુકાને હતો ત્યારે આશરે બપોરના ગાળામાં મારી દુકાને કોઇ ગ્રાહક આવેલો તે દરમ્યાન મારી દુકાનની બાજુમાં આવેલ રામાપીરના મંદીરના ઓટલા પાસે માણસો ભેગુ થઇ ગયેલું જેથી મારી દુકાન બંધ કરીને ઘરે જતો રહેલો. મને જાણવા મળેલું કે કરમશીભાઈને કોઈએ મારેલું છે અને તેને બોટાદ દવાખાને લઈ ગયેલા છે. તેમને કોણે મારેલું તેની મને ખબર નથી. આ બનાવમાં મને કોઇ બોલાવવા આવેલું નહીં. પોલીસે મારું નિવેદન લીધેલું નહીં. ઉપરોક્ત પંચ સાહેદ હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને એ.પી.પી.શ્રીની ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, હું બનાવ સ્થળે ગયેલો નહીં અને મે બનવા નજરો નજર જોયેલ નથી અને આ બનાવ વિશે મને કોઇ માહિતી નથી.

12. ફરિયાદપક્ષે આંક-૧૨૧ થી પંચ સાહેદ ઉદયભાઈ મેરુભાઈ ખાચર તથા આંક-૧૨૩ થી પંચ સાહેદ ગભરુભાઈ આપાભાઈ ખવડને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, અમોને એક પંચનામું બતાવવામાં આવે છે જેમાં અનુક્રમે પંચ નં. ૧ તરીકે ઉદયભાઈ મેરુભાઈ ખાચર તથા પંચ નં.૨ તરીકે ગભરુભાઈ આપાભાઇ ખવડ ની સહી છે જે અમો ઓળખી બતાવીએ છીએ જે પંચનામાને રજૂ દાખલ આંક-૧૨૨ આપવામાં આવે છે. આ પંચનામુ અમોએ વાંચલ નહી કે અમારી હાજરીમાં કોઈ આરોપીઓને અટક કરેલ હોય કે તેમની પાસેથી ગુનાના કામે વાપરેલ હથિયાર કબજે કરેલ હોય તેવું બનેલ નહીં. ઉપરોક્ત પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને એ.પી.પી.શ્રીની ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી.

સદર પંચ સાહેદોની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વાર ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમારી હાજરીમાં પોલીસે કોઇ માણસોની અટક કરેલ હોય અને તેમની પાસેથી કોઈ મુદ્દામાલ હથિયાર કબજે કરેલ હોય તેવું બનેલ નહીં. એ વાત ખરી છે કે, અમોએ તૈયાર પંચનામામાં સહી કરેલી છે.

13. ફરિયાદપક્ષે આંક- ૧૩૪ થી સાહેદ શોભાબેન વા/ઓફ રમેશભાઈ સાકળીયાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, બનાવ ગઈ તા.૧૦/૭/૨૦૧૦ ના રોજ હુ ખસ મુકામે

મારા પિતાના ઘરે હતી ત્યારે સાં જના સમયે પાંચેક વાગે બનાવ બનેલો. ત્યારે હુ ં તથા મારા માતા લીલાબેન મારા ઘરે હતા ત્યારે મારા પિતા કરમશીભાઈ માધાભાઈ રામદેવપીરના મંદીર ની સામે ઓટા પર બેસવા ગયેલ હતા ત્યારે અચાનક અવાજ આવતા હુ ં તથા મારી બા બંને ઘરની બહાર આવીને જોયેલ તો મંદીરના ઓટલા પાસે મારા પિતાને અમારા ગામના દરબારો હથિયારો વડે માર મારતા હતા. મારા પિતા પડી ગયેલા હતા અને આ લોકો મારા પિતાને મારતા હોય મારી બા મારા પિતા પર આડા ફરેલા. મારા પિતાને મારતા હતા ત્યારે ભરતભાઈ જેઠુરભાઈ પાસ ફરસી હતી અને રણજીતભાઈ જેઠુરભાઈના હાથમા ધારીયુ હતુ તથા ધીરુભાઈ સામતભાઈના હાથમા લોખંડની પાઈપ હતી તથા રણજીતભાઈ અનકભાઈ તથા શિવરાજભાઈ એ રીતેના મળી કુલ-૮ લોકો હતો જેઓની પાસે લાકડી અને પાઈપ જેવા હથિયારો હતા. બનાવને ઘણો સમય થયો હોય ચોકકસ કોના હાથમા કયુ હથિયાર હતુ તે મને હાલ યાદ નથી પરતુ હતું આ તમામ આરોપીઓને જોયેથી ઓળખુ છુ. મારા પિતાને માથામા તથા બંને હાથે તથા બંને પગે વાગેલુ હતુ. ત્યારબાદ મારા દાદાના દીકરા રસીકભાઈ ગીરધરભાઈ આવી જતા ૧૦૮ માં હતું તથા મારી બા તથા રસીકભાઈ મારા પિતાને બોટાદ સોનાવાલા હોસ્પીટલમા સારવાર માટે લઈ ગયા ત્યા પ્ર ાથમિક સારવાર કરાવી ડોકટર સાહેબે ભાવનગર જવાનહું જણાવતારું મારા પિતાને તબિયત વધારે ખરાબ હોય મારા પિતાને છાયા હોસ્પીટલ દાખલ કરેલા. મારા પિતાને માથામાં તથા બંને હાથે તથા પગે ફેકચર હોય તેઓનુ ઓપરેશન કરેલ અને હોસ્પીટલમાં ૩૦ દીવસ સારવાર લીધેલી. આ બનાવનું કારણ બગડના મારગે અમારી જમીન આવેલી હોય આ જમીન ભરતભાઈ જેઠુરભાઈ તથા રણજીતભાઈ જેઠુરભાઈનાઓ પચાવી પાડવા માંગતા હોય તે બાબતે હુમલો કરી માર મારેલ હતો. પોલીસે મારુ નીવેદન લીધેલુ. આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકુ. આરોપી ન.૪,૬,૭ તરફે મુકતી રીપોર્ટ હોય ઓળખની તકરાર જતી કરેલ છે. બાકીના આરોપીઓ ભરતભાઈ જેઠુરભાઈ તથા રણજીતભાઈ જેઠુરભાઈ તથા ધીરૂભાઈ સામતભાઈ હાજર છે તે તે જ છે તથા બીજા બે ઈસમોને હતું ઓળખી બતાવુ છુ6 પરતહું તેમના નામ યાદ નથી. ઓળખી બતાવેલ બે આરોપીઓ પૈકી એક આરોપીનુ કોર્ટ રૂબરૂ નામ પુછતા પોતાનુ નામ શીવરાજભાઈ દાનાભાઈ ખાચર તથા બીજા આરોપીનુ કોર્ટ રૂબરૂ નામ પુછતા પોતાનુ નામ રણજીતભાઈ અનકભાઈ ખાચર હોવાનુ જણાવે છે જે આ કામના આરોપીઓ જ છે.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વાર ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, કરમશીભાઈ માધાભાઈ મારા પિતા થાય છે તથા લીલાબેન મારા માતા થાય છે તથા રસિકભાઈ મારા પિતરાઈ ભાઈ થાય છે. મારા લગ્ન ખોખરનેશ ગામે થયેલા છે. અમારુ ં ઘર રામાપીરના મંદીરના મંદીરથી ખાડચામાહ બે ઘર મુકીને આવેલું છે. એ વાત ખરી છે કે રામાપીરનુ મંદીર બજારમા આવેલુ છે. એ વાત ખરી નથી કે રામાપીરના મંદીરવાળી બજારે કહેવાતો બનાવ બન્યો તે અરસામા આર.સી.સી. પાકો રોડ આવેલો હતો.

એ વાત ખરી છે કે ભરતભાઈ જેઠુરભાઈનુ મકાન આ રામાપીરના મંદીરથી ઘણુ દુર આવેલુ છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે રામાપીરના મંદીર પાસે માણસોની અવર જવર ચાલુ હોય છે અને ત્યા લોકો સામાન્ય રીતે બેસેલા હોય છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બનાવ બનેલો ત્યારે મારા પિતાજી રામાપીરના મંદીર પાસે એકલા હતા. એ વાત ખરી છે કે મારા પિતાની જમીન અને આ કામના આરોપીઓની જમીન એક જ શેઢે આવેલી છે. એ વાત ખરી નથી કે અમારે અને આ કામના આરોપીઓ વચ્ચે વર્ષોથી રસ્તા બાબતની તકરાર ચાલે છે. ગીરધરભાઈ મારા દાદા થાય છે. એ વાત ખરી નથી કે ગીરધરભાઈએ આ કામના આરોપીઓ સામે કેસો કરેલા છે. એ વાત ખરી છે કે ગીરધરભાઈએ પોતાના હીસ્સે આવેલી જમીન ભરતભાઈના પત્નીના નામે રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેચાણ આપેલી. સાહેદ જણાવે છે કે જયારે આ બનાવ બન્યો ત્યારે તે જમીન પડતર હતી અને ગીરધરભાઈએ અમારા ગામના દાયમાભાઈના નામના વ્યકિતને વેચાણ થી આપેલ અને દાયમાભાઈનાએ આ કામના આરોપી ભરતભાઈના પત્નીને બારેક મહીના પહેલા વેચાણથી આપેલી. એ વાત ખરી છે કે આ વેચાણ દસ્તાવેજમાં મારા પિતાજીએ પણ વેચનાર તરીક સહી કરેલી. આ વાતની મને ખબર નથી કે ગીરધરભાઈએ રસ્તાની તકરાર બાબતે આ કામના આરોપીઓ વિરુધ્ધ દીવાની દાવો કરેલો છે કે કેમ? એ વાત ખરી છે કે અમારા ઘરથી રામાપીરનુ મંદીર દેખાય નહી. એ વાત ખરી નથી કે રામાપીરના મંદીરથી મારા ઘર સુધી કોઈ દેકારો અવાજ સંભાળાય નહી. એ વાત ખરી નથી કે હું રામાપીરના મંદીર પાસે પહોચેલી ત્યારે મારા પીતાજી પડેલા હતા. સાહેદ જણાવે છે કે અમે પહોં ચ્યા ત્યારે મારા પીતાજીને આરોપીઓ માર મારતા હતા. એ વાત ખરી નથી કે મારા પીતાજીને કોઈ માર મારેલ નથી પરંતુ રામાપીરના મંદીરના ઓટા પરથી પગ લપસી જઈ આર.સી.સી.ના રોડ પર પડી જવાથી ઈજા થયેલી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં આ કામના આરોપીઓ સાથે મારા પિતા અને મારા દાદા સાથે સીમ જમીન બાબતે મનદુઃખ હોવાના કારણે આરોપીઓએ કોઈ ઈજા કરેલ નથી અને મારા મમ્મીએ કરેલ ખોટી ફરીયાદના સમર્થનમાં સોગંદ પર ખોટા જુબાના આપુ છુ. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ અમારા ગામના અને અમારા સીમના નાનપણથી પાડોશી હોવાથી હું તેમને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ મેં જોયેલ ન હોવા છતાં આરોપીઓને ફસાવવા જમીન બાબતેના મનદુઃખના કારણે મે જોયેલાનું ખોટું જણાવેલ. એ વાત ખરી નથી કે આવો કોઈ કહેવાતો બનાવ બન્યો ત્યારે હું સાસરે હોય કહેવાતા બનાવ સ્થળે હાજર ન હોવા છતાં મે બનાવ જોયેલાની હકીકત ખોટી જણાવેલ છે.

14. ફરિયાદપક્ષે આંક-૧૩૯ થી સાહેદ રસીકભાઈ ગીરધરભાઈ ડાભીને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, અમો બોટાદ શંકરપરામા રહીએ છીએ અને અમારી ખેતીની જમીન ખસ ગામે બગડના માર્ગે આવેલી છે. ગઈ તા.૧૦/૭/૨૦૧૦ ના રોજ સવારના વહેલા ૫ વાગ્યે અમારી ખસ

ગામે આવેલી જમીનો ખેડવા માટે ગયેલ હતા અને સાંજના ૫ વાગે ખેતરેથી ખસ ગામે આવેલ મારા ઘરે પાછા આવતા હતા ત્યારે મારા ઘર પાસે પહોંચતા મારા ઘરની નજીકમાં આવેલ રામદેવપીરના મંદીરના ઓટલા પર મારા કાકા કરમશીભાઈ માધાભાઈ બેઠા હતા ત્યારે અમારા ગામના ભરતભાઈ જેઠુરભાઈ તેના હાથમાં ફરસી હતી તથા ધીરૂભાઈ સામંતભાઈ તેના હાથમા લોખંડની પાઈપ તથા પ્રતાપભાઈ અનકભાઈ તેના હાથમા લોખંડની પાઈપ તથા રણજીતભાઈ અનકભાઈ તેના હાથમા કુંડલીવાળી લાકડી તથા રણજીતભાઈ જેઠુરભાઈ તેના હાથમા ધારીયું તથા હરેશભાઈ ગભરૂભાઈ તેના હાથમાં કુડંલીવાળી લાકડી તથા ઉમેશભાઈ અનકભાઈના હાથમાં લાકડી તથા શીવકુભાઈ દાનભાઈ તેના હાથમાં લાકડી લઈને આવેલા અને મારી નજર સામે મારા કાકા પર હથિયારો વડે હુમલો કરવા લાગેલા. તેમા ભરતભાઈ જેઠુરભાઈએ મારા કાકાના માથામાં ફરસી મારેલી જેથી તે નીચે પડી ગયેલા તથા ધીરૂભાઈ સામંતભાઈએ લોખંડનો પાઈપ મારા કાકના જમણા હાથે કાં ડાના ભાગે મારેલો તથા પ્રતાપભાઈ અનકભાઈએ લોખંડની પાઇપ જમણા પગે નળાના ભાગે મારેલ તથા રણજીતભાઈ અનકભાઈએ કું ડલીવાળી લાકડી મારા કાકાને ડાબા પગે નળાના ભાગે મારેલ તથા રણજીતભાઈ જેઠુરભાઈએ મારા કાકાના ડાબા પગના પંજા પર ધારીયાનો ઘા મારેલ તથા હરેશભાઈ ગભરૂભાઈએ મારા કાકાને ડાબા હાથના કાંડાના ભાગે કું ડલીવાળી લાકડી મારેલી તથા શીવકુભાઈ દાનભાઈ અને ઉમેશભાઈ અનકભાઈ મારા કાકાને લાકડી વડે બંને પગ તથા હાથ પર મારવા લાગેલા અને બધા ભેગા થઈ જેમ ફાવે તેમ હથિયારો વડે માર મારતા હતા અને તે દરમયાન મારા કાકાએ દેકારો કરતા મારા કાકી લીલાબેન તથા તેની દીકરી શોભાબેન આવી ગયેલા અને મારા કાકી લીલાબેન કરમશીભાઈની ઉપર સુઈ જતા આ લોકોએ મારવાનુ બંધ કરી અને આ લોકો કહેવા લાગેલ કે આજે તારી પત્નીએ તને બચાવી લીધેલો છે હવે પછી તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપેલી અને જાનથી મારી નાખવાની ધમકી આપી અને ગાળો બોલતા બોલતા જતા રહેલા ત્યાર પછી ૧૦૮ ને બોલાવતા ૧૦૮ આવતાં મારા કાકાને હું તથા મારા કાકી લીલાબેન તથા શોભાબેન એમ્બ્યુલન્સમાં બોટાદ સરકારી દવાખાન લઈ ગયેલા ત્યાં ડોકટર સાહેબે ભાવનગર લઈ જવાનું કહેતા મારા કાકા તથા બીજા સગા-સંબં ધીઓને બોલાવેલા અને તેઓના કહેવા પ્રમાણે ભાવનગરના બદલે બોટાદ છાયા હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરેલા. મારા કાકાને માથામાં તથા બં ને હાથમાં તથા બંને પગે ઈજાઓ હતી અને તેઓ બેભાન થઈ ગયેલા હતા. મારા કાકાનૂ છાયા હોસ્પીટલમાં ઓપરેશન કરેલું. આ જઘડાનું કારણ સામાવાળાઓએ અમારી જમીન પચાવી પાડવી હોય કાકાને માર મારેલ. પોલીસે મારુ નીવેદન લીધેલુ. આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકુ. બચાવપક્ષે આરોપી નં.૪, ૬, ૭ નો મુકતી રીપોર્ટ હોય ઓળખની તકરાર જતી કરેલ છે. બાકીના આરોપીઓ કોર્ટમાં હાજર છે તે તે જ છે. મને મુદ્દામાલ હથિયાર બતાવવામાં આવે તો તે હું જોયેથી ઓળખી શકુ.મને કોર્ટમાં રહેલ મુદ્દામાલ બતાવવામાં આવે છે તે પૈકી જોયને કહુ છુ કે મુદ્દામાલ પાવતી નં.૩૧/૨૦૧૦ ના આર્ટીકલ નં.૧ એક લાકડાના હાથામાં ફીટ કરેલ

લોખંડની ફરસી કે જે ફરસીનો ભાગ અર્ધ ચદ્રાંકાર આકારવાળો છે જે લોખંડની ફરસી બનાવ સમયે ભરતભાઈ જેઠુરભાઈના હાથમાં હતી જે તે જ છે તેને એમ.ઓ. નં.૧ તથા આર્ટીકલ નં.૨ લાકડાના હાથમા ફીટ કરેલ લોખંડનુ ધારીયું કે જે આગળના ભાગે ચાંચવાળુ વળેલું છે તે રણજીતભાઈ જેઠુરભાઈના હાથમાં હતુ જે તે જ છે. આ ધારીયાન એમ.ઓ. નં.૨ તથા આર્ટીકલ નં.૩ એક લોખંડની પાઈપ જે લંબાઈ ૩ ફુટ ૯ ઈંચની છે જેનો વ્યાસ પોણા ઈંચ છે કે જે બનાવ સમયે ધીરૂભાઈ સામંતભાઈના હાથમા હતો જે તે જ છે જે પાઈપન એમ.ઓ. નં.૩ આપવામાં આવે છે તથા આર્ટીકલ નં.૪ એક લોખંડની પાઈપ ૪ ફુટ ૯ ઈંચ જેનો વ્યાસ પોણા ઈંચનો છે જે બનાવ સમયે પ્રતાપભાઈ અનકભાઈ પાસે હતુ જે તે જ છે જે પાઈપને એમ.ઓ.નં.૪ તથા આર્ટીકલ નં.૫ એક કુંડલીવાળી લાકડી જેના આગળ તથા પાછળના ભાગે લોખંડની કુંડલી લગાડેલી છે જેની લંબાઈ ૪ ફુટ ૫ ઈચ છે જે બનાવ સમયે રણજીતભાઈ અનકભાઈ પાસે હતી જે તે જ છે જે કું ડલીવાળી લાકડીને એમ.ઓ. નં.૫ તથા આર્ટીકલ નં.૬ એક વાંસની લાકડી જેની લંબાઈ ૪ ફુટ ૭.૫ ઈંચની આઠ કાતળી વાળી લાકડી બનાવ સમયે ખુરીભાઈ અનકભાઈ પાસે હતી જે તે જ છે આ લાકડીને એમ.ઓ. નં.૬ તથા આર્ટીકલ નં.૭ વાસની લાકડી જે બંને છેડે કુંડલી ચડાવેલી છે જેની લંબાઈ ૫ ફુટ ૨ ઈંચ છે જે બનાવ સમયે હરેશભાઈ ગભરૂભાઈના હાથમાં હતી જે તે જ છે જે લાકડીને એમ.ઓ. નં.૭ તથા આર્ટીકલ નં.૮ એક વાસની લાકડી જેની લંબાઈ ૪ ફુટ ૯ ઈચંદ્ર  તથા ૫ કાતળી છે તે લાકડી બનાવ સમયે શીવકુભાઈ દાનભાઈ પાસે હતી જે તે જ છે જેને એમ.ઓ. નં.૮ આપવામા આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વાર ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, લીલાબેન કરમશીભાઈ મારા કાકી, કરમશીભાઈ માધાભાઈ મારા કાકા, ગીરધરભાઈ તથા કરમશીભાઈ એ બંને સગા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે શોભાબેન એ મારા કાકાની દીકરી બેન થાય છે. મારા પિતાને પાંચ ભાઈઓ છે. એ વાત ખરી છે કે આ પાંચે પાંચ ભાઈઓને જમીન એક જ શેઢ આવેલી. એ વાત ખરી છે કે આ જમીનની બાજુમાં જ ભરતભાઈની જમીન આવેલી છે. એ વાતની મને ખબર નથી કે ભરતભાઈ અને ગીરધરભાઈને રસ્તા બાબતે અગાઉ દાવો થયેલો કે કેમ? એ વાતની મને ખબર નથી કે મારા પિતાએ આ કામના આરોપીઓ પર ૨૦૦૯ ની સાલમાં પોલીસ ફરીયાદ કરેલી કે કેમ? એ વાતની મને ખબર નથી કે મારા પિતાએ આ કામના આરોપીઓ વિરુધ્ધ તા.૨૫/૧૨/૨૦૦૯ ના રોજ બીજી ફરીયાદ કરેલી કે કેમ? એ વાત ખરી છે કે મારા પિતાજી જે ફરીયાદ કરતાં તેની કોઈ જાત માહીતી મને નથી. એ વાત ખરી નથી કે મારા પિતા ખસ રહેતા હોય અને હું બોટાદ રહેતો હોય મારા પિતા ખસ મુકામે જમીનનો શું વહીવટ કરે તેની કોઈ માહીતી મને ન હોય. સાહેદ જણાવે છે કે મારા પિતા બોટાદ મુકામે જ રહેતા હતા. હું અને મારા પિતા ૨૦૦૧ ની સાલથી બોટાદ મુકામે રહેવા ગયેલા. એ વાત ખરી નથી કે મારા પિતા કોઈ જમીન વેચે તો તેની કોઈ માહીતી મને ન હોય. એ વાત ખરી નથી કે મારા પિતા ગીરધરભાઈએ ભરતભાઈ જેઠુરભાઈના પત્નીને

વાદવાળી ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ કરી દીધેલો. એ વાત ખરી છે કે ભરતભાઈના પત્નીના નામ ચાલે છે. સાહેદ જણાવે છે કે મારા પિતાએ આરોપીના પત્નીને કોઈ દસ્તાવેજ કરી આપેલ નથી. એ વાત ખરી છે કે હું ખસ ગામના ભરતભાઈ દાયમાને ઓળખુ છુ.

સવાલ : ભરતભાઈ દાયમાઓ અમારા પિતાના પાંચેય ભાઈઓના ભાગે આવતી જમીન વચ્ચે રહી આરોપીના પત્નીના નામે વેચાણ અપાવેલી?

જવાબ : ભરતભાઈ દાયમાએ અમારી પાસેથી વેચાણથી રાખેલી ત્યારબાદ આરોપીઓ સાથે સાટાખત કરેલુ.

એ વાત ખરી છે કે જમીન વેચાણ આપ્યા બાદ અમો ખેતરે ગયેલા નથી. એ વાત ખરી છે કે રામાપીરનુ મંદીર બજારમાં આવેલું છે. એ વાત ખરી નથી કે રામાપીરવાળી બજાર આર.સી.સી. રોડવાળી બનાવેલી છે. એ વાત ખરી છે કે રામાપીરના મંદીર પર ઓટો છે તથા સામાન્ય રીતે ગામના લોકો મંદીરના ઓટા પર બેસતા હોય છે તેમજ બજારમાં ઘણા બધા માણસોની અવર જવર હોય છે. એ વાત ખરી નથી કે મારા કાકાને કોઈ માર મારેલ નથી પરંતુ રામાપીરના મંદીરના ઓટા પરથી પગ લપસી જતા આર.સી.સી. રોડ પર પડી જવાથી ઈજા થયેલી તથા આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં આ કામના આરોપી તથા અમારા કુટુંબ વચ્ચે સીમ જમીન બાબતે મનદુ:ખ હોવાના કારણે આરોપીઓએ કોઈ ઈજા કરેલ ન હોવા છતાં મારા કાકીએ ખોટી ફરીયાદ આપેલી હોય તેના સમર્થનમા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ નાનપણથી અને અમે પણ ખસ ગામમા રહેતા હોવાથી તેમને ઓળખીયે છીએ. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી કે મે જોયેલ નથી પરતુ આરોપીઓને જમીન બાબતેના મનદુ:ખનાં કારણે ફસાવવા માટે હું ખોટી જુબાની આપી ખોટી હકીકત જણાવું છું.

ફરીયાદપક્ષે વિદવાન એ.પી.પી.શ્રી દવારા ફેર તપાસ કરતાં તેઓ જણાવે છે કે, ઉલટમાં જણાવેલ વાદગ્રસ્ત જમીન ખસ ગામે બગડ અંદર આવેલી છે. આ જમીન સિવાય અમારે ખસ ગામે બીજી અમારી માલીકીની જમીન ખસ ગામમાં નાની વાવડીના રોડે આવેલી છે.

15. ફરિયાદપક્ષે આંક-૧૪૪ થી સાહેદ નાગરભાઈ માધાભાઈ ડાભીને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, ગઈ તા. ૧૦/૭/૨૦૧૦ ના રોજ મારા ભાઈના દીકરા રસીકભાઈ ગીરધરભાઈનાએ ફોનથી સાંજના સાડા પાંચ વાગ્યા આસપાસ હું જયારે ઘરે હાજર હતો ત્યારે જણાવેલ કે

કરમશીભાઈનાઓને ખસ ગામના રણજીતભાઈ તથા બીજા કાઠી દરબારોએ મારેલા છે અને તેઓન એમ્બ્યુલન્સમા બોટાદ સોનાવાલા હોસ્પીટલમાં લઈને આવીએ છીએ તમે બોટાદ આવજો તેમ કહેતાં કરમશીભાઈને તેઓને પોણા છ વાગ્યા આસપાસ બોટાદ સોનાવાલા હોસ્પીટલે લાવેલા. કરમશીભાઈને મારા ભાભી લીલાબેન તથા ભત્રીજી શોભનાબેન તથા રસીકભાઈનાઓ દવાખાન લાવેલા ત્યાં ડોકટર સાહેબે સારવાર કરતા બંને હાથે તથા પગ ભાંગી ગયેલાનું જણાવેલ અને ભાવનગર દવાખાને લઈ જવાનું જણાવતા અમો તેમને બોટાદ છાયા હોસ્પીટલમાં દાખલ કરેલ. મારા ભત્રીજા રસીકભાઈએ મને જણાવેલ કે રામાપીરના મંદીર પાસે કરમશીકાકાન ખસ ગામના રણજીતભાઈ જેઠુરભાઈના હાથમા ધારીયું તથા ભરતભાઈ જેહુરભાઈ તેના હાથમા ફરસી તથા ધીરૂભાઈના હાથમા પાઈપ તથા પ્રતાપભાઈના હાથમા લોખંડની પાઈપ તથા ઉમેશભાઈના કુંડલીવાળી લાકડી તથા હરેશભાઈના હાથમા લાકડી તથા રણજીતભાઈ અનકભાઈના હાથમાં લાકડી લઈ માર મારેલ. આ બધાએ ભેગા થઈને કરમશીભાઈને હથિયારો વડે માર મારેલાનું મને જણાવેલ જેમાં તેને આ ઈજાઓ થયેલી. જેથી તેમને છાયા હોસ્પીટલમા દાખલ કરેલા. તેઓને દાખલ કરેલા ત્યારે તેઓ બેભાન હાલતમાં હતા. આ બના બગડની સડકે જુના માર્ગે આવેલ વાડી ખેડવા ન દેવા બાબતે માર મારેલો. પોલીસે મારુ ૧૧ તારીખે નીવેદન લીધેલુ.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વાર ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, આ કામના ફરીયાદી લીલાબેન મારા ભાભી, કરમશીભાઈ માધાભાઈ મારા મોટા ભાઈ, રસીકભાઈ ગીરધરભાઈ મારો ભત્રીજો, તથા શોભાબેન મારી ભત્રીજી થાય છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું બોટાદ હતો એટલે બનાવ મે નજરો નજર જોયેલો ન હોય જેથી બનાવ કેવી રીતે બનેલો તેની મને જાત માહીતી નથી. સાહેદ જણાવે છે કે મને વાત કરેલી. એ વાત ખરી છે કે અમારા ભાઈઓની જમીન અડોઅડ આવેલી છે તથા આરોપી ભરતભાઈની જમીન અમારી જમીનની અડોઅડ આવેલી છે. એ વાતની મને ખબર નથી કે કરમશીભાઈ અને ગીરધરભાઈએ રસ્તા બાબતનો આ કામના આરોપી પર દાવો કરેલો કે કેમ? એ વાત ખરી છે કે કરમશીભાઈ અને નાગરભાઈના નામે જે જમીન આવેલી તે ભરતભાઈ તથા રણજીતભાઈના પત્નીના નામે વેચાણ આપેલી. એ વાત ખરી નથી કે આ જમીન વેચાણ આપેલી હોય અને તે ખાલી ન કરી આપવી હોય તેથી મારા ભાભીએ આ ખોટી ફરીયાદ આપેલી તથા આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં આ કામના ફરીયાદી મારા ભાભી થતાં હોય અને હાલના આ કહેવાતા બનાવના કામે ઈજા પામનાર મારા સગા મોટા ભાઈ થતા હોય જેથી તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

16. ફરિયાદપક્ષે આંક-૧૪૫ થી સાહેદ મનજીભાઈ માધાભાઈ ડાભીને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, ગઈ તારીખ ૧૦/૦૭/૨૦૧૦ ના રોજ મારા ભાઈના દીકરા રસીકભાઈ

ગીરધરભાઈનાએ ફોનથી સાંજના પાંચ વાગ્યા આસપાસ હું જયારે ઘરે હાજર હતો ત્યારે જણાવેલ કે કમાકાકાને ખસ ગામના ભરતભાઈ તથા બીજા કાઠી દરબારોએ મારેલા. એમ્બ્યુલન્સમા બોટાદ સોનાવાલા હોસ્પીટલમાં લઈન આવીએ છીએ તમે બોટાદ આવજો તેમ કહેતાં કરમશીભાઈને તેઓને પોણા છ વાગ્યા આસપાસ બોટાદ સોનાવાલા હોસ્પીટલે લાવેલા. કરમશીભાઈને મારા ભાભી લીલાબેન, ભત્રીજી શોભનાબેન તથા રસીકભાઈનાઓ દવાખાને લાવેલા ત્યાં ડોકટર સાહેબે સારવાર કરતાં માથામાં તથા બંને હાથે તથા પગે ફેકચર થયેલાનું જણાવેલ અને ભાવનગર દવાખાને લઈ જવાનું જણાવતાં અમો તેમને બોટાદ છાયા હોસ્પીટલમાં દાખલ કરેલ. મારા ભાભી તથા ભત્રીજા રસીકભાઈએ મને જણાવેલ કે રામાપીરના મંદીર પાસે કરમશીકાકાને ખસ ગામના રણજીતભાઈ જેઠુરભાઈના હાથમાં ધારીયું, ભરતભાઈ જેઠુરભાઈ તેના હાથમા ફરસી, ધીરૂભાઈ સામંતભાઈના હાથમાં લોખંડની પાઈપ, પ્રતાપભાઈ અનકભાઈના હાથમા લોખંડની પાઈપ, ઉમેશભાઈ અનકભાઈના હાથમા કુંડલીવાળી લાકડી, હરેશભાઈ ગભરૂભાઈના હાથમા કુંડલીવાળી લાકડી, રણજીતભાઈ અનકભાઈના હાથમાં કુંડલીવાળી લાકડી તથા શીવકુભાઈ દાનાભાઈ ખાચરના હાથમા લાકડી તેના વડે માર મારેલ જેમા ભરતભાઈ જેઠુરભાઈએ માથામાં ફરસી મારેલી તથા રણજીતભાઈ જેઠુરભાઈએ ધારીયું ડાબા પગના પંજા પર મારેલ તથા ધીરૂભાઈ સામંતભાઈએ લોખંડની પાઈપ જમણા હાથના કાંડા પર મારેલ તથા પ્રતાપભાઈ અનકભાઈ ખાચરે લોખંડની પાઈપ જમણા પગના નળા પર મારેલી તથા રણજીતભાઈ અનકભાઈ ખાચરે કુંડલીવાળી લાકડી ડાબા પગના ઘુંટણ પર મારેલી તથા હરેશભાઈ ગભરૂભાઈ ખાચરે કુંડલીવાળી લાકડી જમણા હાથના કાંડા પર મારેલી તથા ઉમેશભાઈ અનકભાઈએ લાકડી પગના ભાગે લાકડી આડેધડ મારેલી તથા શીવકુભાઈ દાનાભાઈ ખાચરે પગના ભાગે લાકડી આડેધડ મારેલી. આ દરમ્યાન દેકારો થતાં મારા કાકી લીલાબેન તથા શોભાબેન આવી જતાં કરમશીભાઈ પર આડા પડી જતા મારવાનુ બંધ કરેલ અને આ લોકો જેમ તેમ ગાળો બોલેલા અને તમે આવી ગયેલ. તો આને જાનથી મારી નાખવાનો હતો તેવી ધમકી આપતા અમોને કરેલી. આ બનાવનું કારણ બગડના માર્ગે અમારી જમીન આવેલી હોય જે અમોને વાવવા દેતા ન હોય જેથી મારા ભાઈને માર મારેલો. પોલીસે મારુ નીવેદન લીધેલુ.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વાર ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, આ કામના ફરીયાદી લીલાબેન મારા ભાભી, કરમશીભાઈ માધાભાઈ મારા મોટા ભાઈ, રસીકભાઈ ગીરધરભાઈ મારો ભત્રીજો તથા શોભાબેન મારી ભત્રીજી થાય છે. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું બોટાદ હતો એટલે બનાવ મે નજરો નજર જોયેલો ન હોય જેથી બનાવ કેવી રીતે બનેલો તેની મને જાત માહીતી નથી. સાહેદ જણાવે છે કે મને વાત કરેલી. એ વાત ખરી છે કે અમારા ભાઈઓની જમીન અડોઅડ આવેલી છે. એ વાત ખરી છે કે આરોપી ભરતભાઈની જમીન અમારી જમીનની અડોઅડ આવેલી છે. એ વાતની મને ખબર નથી

કે કરમશીભાઈ અને ગીરધરભાઈએ રસ્તા બાબતનો આ કામના આરોપી પર દાવો કરેલો કે કેમ? એ વાત ખરી છે કે કરમશીભાઈ અને નાગરભાઈના નામે જે જમીન આવેલી તે ભરતભાઈ તથા રણજીતભાઈના પત્નીના નામે વેચાણ આપેલી. એ વાત ખરી નથી કે આ જમીન વેચાણ આપેલી હોય અને તે ખાલી ન કરી આપવી હોય એટલે મારા ભાભીએ આ ખોટી ફરીયાદ આપેલી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા આ કામના ફરીયાદી મારા ભાભી થતા હોય અને હાલના આ કહેવાતા બનાવના કામે ઈજા પામનાર મારા સગા મોટા ભાઈ થતા હોય જેથી તેના સમર્થનમા સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.એ વાત ખરી નથી કે મારા પોલીસ રૂબરૂના નીવેદનમા “ મારા ભાભી લીલાબેન મને જણાવેલ કે રામાપા TUR પાસે કરમશીકાકાને ખસ ગામના રણજીતભાઈ જેઠુરભાઈના હાથમા ધારીયું તથા ભરતભાઈ જેઠુરભાઈ તેના હાથમા ફરસી તથા ધીરૂભાઈ સામંતભાઈના હાથમા લોખંડની પાઈપ તથા પ્રતાપભાઈ અનકભાઈના હાથમા લોખંડની પાઈપ તથા ઉમેશભાઈ અનકભાઈના હાથમા કુંડલીવાળી લાકડી તથા હરેશભાઈ ગભરૂભાઈના હાથમા કુંડલીવાળી લાકડી તથા રણજીતભાઈ અનકભાઈના હાથમા કુંડલીવાળી લાકડી તથા શીવકુભાઈ દાનાભાઈ ખાચરના હાથમા લાકડી તેના વડે માર મારેલ જેમા ભરતભાઈ જેઠુરભાઈએ માથામા ફરસી મારેલી તથા રણજીતભાઈ જેઠુરભાઈએ ધારીયુ ડાબા પગના પંજા પર મારેલ તથા ધીરૂભાઈ સામંતભાઈએ લોખંડની પાઈપ જમણા હાથના કાંડા પર મારેલ તથા પ્રતાપભાઈ અનકભાઈ ખાચરે લોખંડની પાઈપ જમણા પગના નળા પર મારેલી તથા રણજીતભાઈ અનકભાઈ ખાચરે કુંડલીવાળી લાકડી ડાબા પગના ઘુંટણ પર મારેલી તથા હરેશભાઈ ગભરૂભાઈ ખાચરે કુંડલીવાળી લાકડી જમણા હાથના કાંડા પર મારેલી તથા ઉમેશભાઈ અનકભાઈએ પગના ભાગે લાકડી આડેધડ મારેલી તથા શીવકુંભાઈ દાનાભાઈ ખાચરે પગના ભાગે લાકડી આડેધડ મારેલી."

17. ફરિયાદપક્ષે આંક-૧૪૭ થી સાહેદ હંસરાજભાઈ કરમશીભાઈ ડાભીને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, બનાવ ગઈ તા.૧૦/૭/૨૦૧૦ ના રોજ બનેલો ત્યારે હુ એસ.આર.પી.એફ.માં કેવડીયા કોલોની નર્મદા ખાતે ડોકટરી કરાવવા માટે ગયેલ હતો ત્યારે મારા દાદાના દીકરા રસીકભાઈનો મારા પર સાંજના પાંચેક વાગે ફોન આવેલો અને મને જણાવેલ કે તારા પપ્પા ખેતરેથી ઘરે જતા હતાં ત્યારે રામદેવપીરના મંદીર પાસે ખસ ગામના દરબારો રણજીતભાઈ જેઠુરભાઈ તથા બીજા માણસોએ લોખંડની પાઈપ, ફરસી અને ધારીયા જેવા હથિયારોથી મારેલા છે અને જણાવેલ કે તમારું કામ પતે એટલે ઘરે આવજો જેથી હું બોટાદ છાયા હોસ્પીટલે ગયેલો. મારા પિતાજીને જમણા પગે ફ્રેકચર થયેલ હતું તથા બંને કાંડાના ભાગે તથા ડાબા પગે તથા માથાના ભાગે ઈજાઓ હતી. દવાખાને રસીકભાઈ તથા મારા મમ્મી લીલાબેન તથા મારી બેન શોભાબેન તથા બીજા સગા સબંધીઓ હાજર હતા. મને રસીકભાઈએ જણાવેલ કે સાંજના પાંચેક વાગે ખેતરેથી જતાં હતાં તે વખતે ખસ ગામે રામદેવપીરના મંદીર

પાસે કરમશીકાકાને ખસ ગામના રણજીતભાઈ જેઠુરભાઈના હાથમાં ધારીયું તથા ભરતભાઈ જેઠુરભાઈના હાથમાં ફરસી તથા ધીરૂભાઈ સામતભાઈના હાથમાં લોખંડની પાઈપ, ઉમેશભાઈ ઉર્ફે ખુરી અનકભાઈના હાથમાં લોખંડની પાઈપ તથા શીવકુભાઈના હાથમાં કુંડલીવાળી લાકડી તથા રણજીતભાઈ અનકભાઈના હાથમાં કુંડલીવાળી લાકડી તથા હરેશભાઈ ગભરૂભાઈના હાથમાં કુંડલીવાળી લાકડી લઈને તેઓએ હુમલો કરેલો જેમાં રણજીતભાઈ જેઠુરભાઈએ ધારીયા વડે ડાબા પગે પંજા પર મારેલ તેમજ ભરતભાઈએ માથામાં ફરસી મારેલ તથા ધીરૂભાઈએ જમણા હાથે કાંડાના ભાગે મારેલ, પ્રતાપભાઈ અનકભાઈએ જમણા પગે નળાના ભાગે લોખંડની પાઈપ મારેલ તથા ઉમેશભાઈ તથા શીવકુભાઈનાઓએ બંને પગમા પાઈપ મારેલ તથા રણજીતભાઈ અનકભાઈએ ડાબા પગે મારેલું તથા હરેશભાઈ ગભરૂભાઈએ કુંડલીવાળી લાકડી ડાબા હાથે કાંડા પર મારેલ. તે દરમ્યાન અવાજ થતાં કાકી લીલાબેન તથા શોભાબેન આવી ગયેલા અને તેઓ કાકા કરમશીભાઈ પર આડા થઈ ગયેલા અને આ લોકોએ ધાકધમકી આપેલી કે જો જમીન ખેડવા આવશો તો જાનથી મારી નાખીશુ. મારા બાપુજી હું દવાખાને ગયેલો ત્યારે બેભાન હાલતમાં હતા. આ બનાવનું કારણ બગડના માર્ગે આવેલ જમીન પચાવી પાડવાના ઈરાદે મારા પિતાજીને માર મારેલ. પોલીસે મારું નીવેદન લીધેલુ.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલશ્રી દ્વાર ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, આ કામના ફરીયાદી લીલાબેન મારા માતા, કરમશીભાઈ માધાભાઈ મારા પિતા, રસીકભાઈ ગીરધરભાઈ દાદાના દીકરા ભાઈ, ગીરધરભાઈ મારા દાદા, શોભાબેન મારી બેન થાય છે. એ વાત ખરી છે કે આ કામના આરોપી રણજીભાઈ અને અમારી જમીન એક જ શેઢે આવેલી છે. એ વાતની મને ખબર નથી કે તે જમીનના અગાઉ રસ્તા બાબતે તકરાર થયેલી કે કેમ? એ વાતની મને ખબર નથી કે ગીરધરભાઈએ આ કામના આરોપીઓ પર અગાઉ રસ્તા બાબતેની ફરીયાદ અને દાવાઓ કરેલા કે કેમ? એ વાત ખરી છે કે બગડના માર્ગે આવેલી જમીન અમારી તથા ગીરધરભાઈની સંયુકત જમીન હતી. એ વાત ખરી છે કે મારા પિતાજી તથા તેના ભાઈઓએ આ જમીન આરોપી ભરતભાઈ જેઠુરભાઈના પત્નીને વેચેલી. એ વાત ખરી છે કે કહેવાતા બનાવ સમયે હું કેવડીયા કોલોની નર્મદા ખાતે હતો એટલે બનાવ મેં નજરો નજર જોયેલો ન હોય જેથી બનાવ કેવી રીતે બનેલો તેની મને જાત માહીતી નથી. સાહેદ જણાવે છે કે મને ફોન પર વાત કરેલી. એ વાત ખરી છે કે અમારા ભાઈઓની જમીન અડોઅડ આવેલી છે તથા આરોપી ભરતભાઈની જમીન અમારી જમીનની અડોઅડ આવેલી છે તેમજ મે મારા નીવેદનમાં એવું લખાવેલ નથી કે "રસીકભાઈનો મારા પર સાંજના પાંચેક વાગે ફોન આવેલો અને મને જણાવેલ કે તારા પપ્પા ખેતરેથી ઘરે જતા હતા ત્યારે રામદેવપીરના મંદીર પાસે" તથા ઉમેશભાઈ ઉર્ફે ખુરી અનકભાઈના હાથમા લોખંડની પાઈપ હતી" હવે હું જણાવું છુ કે ઉમેશભાઈ ઉર્ફે ખુરીના હાથમા લાકડી હતી.એ વાત ખરી છે કે મે મારા નીવેદનમા એવુ

જણાવેલ નથી કે "ઉમેશભાઈ તથા શીવકુભાઈનાઓએ બંને પગમા પાઈપ મારેલ.' હવે હું જણાવું છુ કે ઉમેશભાઈ તથા શીવકુભાઈનાઓએ બંને પગમાં લાકડી મારેલી. એ વાત ખરી નથી કે આ જમીન વેચાણે આપેલી હોય અને તે ખાલી ન કરી આપવી હોય એટલે માર' માતાએ આ ખોટી ફરીયાદ આપેલી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતાં આ કામના ફરીયાદી મારા માતા થતા હોય અને હાલના આ કહેવાતા બનાવના કામે ઈજા પામનાર મારા પિતા થતા હોય જેથી તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપુ છુ.

18.ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૧૫૨ થી પંચ સાહેદ હર્ષદભાઈ શામજીભાઈ કણઝારીયાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, અં દાજે ૧૫ વર્ષ પહેલા છાયા હોસ્પીટલમાં ૪ નંબરની રૂમમાં કરમશીભાઈ માધાભાઈ સતવારાની ખબર પુછવા ગયેલા ત્યારે પોલીસે એક પંચનામું કરેલુ. જેમા મારી સહી લીધેલી. પોલીસ કરમશીભાઈના દીકરા પાસેથી કરમશીભાઈના કપડા પેન્ટ અને બુશર્ટ કબજે લીધેલા. જેના કલર હાલ મને યાદ નથી. જે વિચારતા મને યાદ આવે છે કે પીળા કલર જેવો ફાટેલો શર્ટ અને આસમાની કલરનું પેન્ટ હતું. આ કપડા પર કોઈ નીશાન હતુ કે કેમ તે મે જોયેલું નથી. મને આ પંચનામુ બતાવવામાં આવે છે જેમા મારી પંચ નં.૧ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને આ કામે રજુ દાખલ આંક-૧૫૩ આપવામાં આવે છે. મારી સાથે પંચ તરીકે લાલજીભાઈએ સહી કરેલી. પોલીસ સ્ટેશનથી મુદ્દામાલ કપડા રજુ થયેલા નથી. બચાવપક્ષે મુદામાલ ઓળખની તકરાર નથી.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલ શ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, કરમશીભાઈ અમારી જ્ઞાતીના સબંધી છે. એ વાત ખરી છે કે હું તેમની ખબર કાઢવા દવાખાને ગયેલો ત્યારે દવાખાને પોલીસે કાગળમાં સહી કરવાનું કહેતા મે સહી કરેલી.

19. ફરિયાદપક્ષે આંક-૧૫૪ થી પંચ સાહેદ લાલજીભાઈ કલ્યાણજીભાઈ ચાવડાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, અંદાજે ૧૫ વર્ષ પહેલા છાયા હોસ્પીટલમાં ૪ નંબરની રૂમમાં અમારા સંબંધીની ખબર કાઢવા ગયેલા ત્યારે પોલીસવાળા ચારેક વાગ્યા આસપાસ આવેલા અને કરમશીભાઈ માધાભાઈ ડાભીના કપડા લીધેલ જેનુ પંચનામુ કરેલુ. જેમા પીળા કલરનો શર્ટ હતો અને તેના કોલરના ભાગે લોહીના ડાઘા હતા તથા પેન્ટ આસમાની કલરનુ હતુ જે ઢીચણના ભાગે ફાટેલું અને લોહીના ડાઘા હતા. મને આ આંક-૧૫૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં મારી પંચ નં.૨ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલ શ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, છાયા હોસ્પીટલમાં મારા સંબંધી દેવરાજભાઈની ખબર કાઢવા ગયેલો. એ વાત ખરી છે કે પોલીસે અમોને બોલાવેલા હોય તેવું બનેલ નહી. સાહેદ જણાવે છે કે અમે હાજર હતા. એ વાત ખરી નથી કે અમો ખબર કાઢતા હતા ત્યા પોલીસ આવીને પંચનામામાં સહી લીધેલી. સાહેદ જણાવે છે કે અમારા રૂબરૂ પંચનામુ કરવામાં આવેલું. એ વાત ખરી છે કે પંચનામામાં ઢીંચણના ભાગેથી પેન્ટ ફાટેલ હત તેવડું લખેલ નથી. સાહેદ જણાવે છે કે સાહેબ અમોને કપડા બતાવેલા જે અમોએ જોયેલા જે તેને લખી લીધેલું.

20. ફરિયાદપક્ષે આંક-૧૬૨ થી ત.ક.અ. શ્રી હર્ષદભાઈ વિરજીભાઈ નિનામાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, હું જયારે રાણપુર પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ પર હાજર હતો ત્યારે તા. ૧૧/૦૭/૨૦૧૦ ના રોજ ફરિયાદી લીલાબેન કરમશીભાઈ માધાભાઈ રહે. ખસવાળાની ફરિયાદ એ.એસ.આઈ. વી.એસ.વસાવાની રૂબરૂની ગુનો રજિસ્ટર થવા મારા સમક્ષ આવતાં અમોએ આ ફરિયાદ હકિકત મુજબ રાણપુર પોલીસ સ્ટેશન પ્રથમ ગુ.ર. નં.૩૧/૨૦૧૦ તા.૧૧/૦૭/૨૦૧૦ ના રોજ ગુનો ઇ.પી.કો કલમ-૧૪૭. ૧૪૮, ૧૪૯, ૩૨૩,૩૨૪,૩૨૫,૩૨૬, ૫૦૪, ૫૦૬(૨)તથા જી.પી.એકટની કલમ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની તપાસ થવા સારુ રાણપુર પોલીસ સ્ટેશનના પા.ત.ઇ. એમ.એન.પંડયા સાહેબને સુપ્રત કરેલ, મને આંક-૬૪ વાળી ફરિયાદ બતાવવામાં આવે છે જે ફરિયાદ જોઇને કહું છુ કે આ ફરિયાદ અમો જયારે પી.એસ.ઓ. તરીકે ફરજ પર હતા ત્યારે ઉપરોક્ત ગેના નંબરથી દાખલ કરેલ હતી જે તે જ છે.સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલ શ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે, હાલના કામમાં મે ફરિયાદ રજિસ્ટરે લીધા સીવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી.

21. ફરિયાદપક્ષે આંક-૧૬૪ થી સાહેદ ડો. શ્રી જાગૃત દુષ્યંત છાયાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, હું છેલ્લા ૨૦ વર્ષથી બોટાદ મુકામે છાયા ઓર્થોપેડિક નામથી હોસ્પિટલ ચલાવું છું અને હું એમ.એસ. ઓર્થોપેડીકની ડિગ્રી ધરાવું છું. હું જયારે મારી હોસ્પિટલે હાજર હતો ત્યારે ગઈ તા.૧૦/૦૭/૨૦૧૦ ના રોજ સાંજે ૭ વાગ્યે દર્દી નામે કરમશીભાઈ માધાભાઈ ડાભીને બોટાદ સોનાવાલા હોસ્પિટલની રીફર નોટ સાથે સારવાર માટે લાવવામાં આવેલ હતાં.

આ દર્દીના સગાઓએ જણાવેલ કે તેમના પર લાઠી, પાઇપ, ધારીયા અને ફરસી વડે ખસ ગામે તા.૧૦/૦૭/૨૦૧૦ ના રોજ આશરે સાંજે ૫ વાગ્યે હુમલો કરવામાં આવેલ હતો જેના કારણે દર્દીને નીચે મુજબની ઇજાઓ થયેલી.

ઇજા નં.૧ આશરે ૩ X ૩ સે.મી.નો કપાયેલો છુંદાયેલો ઘા માથાના ભાગમાં હતો જેના ટાંકા બોટાદ સોનાવાલા હોસ્પિટલમાં લીધેલા હતા તથા માથાના ભાગમાં મુંઢ મારની ઇજા હતી.

ઇજા નં.૨ આશરે ૨ X ૨ સે.મી.નો ટાંકા લીધેલો ઘા ડાબા પગના પંજા પર હતો.

ઇજા નં.૩ જમણા હાથના કાંડા અને કોણી વચ્ચે બંને નળીઓનું ડિસપ્લેસ ફ્રેક્ચર હતું.

ઇજા નં.૪ ડાબા હાથમાં કાંડા તથા કોણી તથા કાંડા વચ્ચેના હાડકાનું (રેડિયસ)નું ડિસપ્લેસ ફ્રેક્ચર હતું.

ઇજા નં.૫ જમણા પગના ઘુંટીના હાડકાનું ફ્રેક્ચર હતું.

ઇજા નં.૬ જમણા પગના ઘુંટીના ઉપરના નળાના હાડકા (ટીબીયા અને ફ્યુબીલા)નું ફ્રેક્ચર હતું.

ઇજા નં.૭ ડાબા પગના ઢિંચણના ભાગમાં મુંઢ મારની ઇજા હતી.

આ દર્દીને અમારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા ત્યારે તેઓ સભાન અવસ્થામાં હતા.

પરંતુ જે પ્રશ્ન પુછીએ તેના જવાબ આપવાની કન્ડીશનમાં ન હતાં. આ દર્દીએ સારવાર સોનાવાલા હોસ્પિટલમાં લઈ મારી હોસ્પિટલે આવેલા. આ તા. ૧૦/૦૭/૨૦૧૦ ના રોજ દાખલ કરી ઓપરેશન પહેલાના લોહીના રીપોર્ટ કરાવતાં તેમને ડાયાબીટીસ હોવાનું જણાયેલ. આ દર્દીનું ઓપરેશન તા.૧૧/૦૭/૨૦૧૦ ના રોજ કરવામાં આવેલું જેમાં જમણા હાથના રેડીયસ અને અલના ડાબા હાથના રેડીયસ તથા જમણા પગની ઘુંટી તથા નળાના હાડકાનું ઓપરેશન કરેલું. આ દર્દીને ડાયાબીટીસ હોવાથી તથા મલ્ટીપલ ફ્રેક્ચર્સ તથા મલ્ટીપલ સર્જરી હોવાના લીધે મારી હોસ્પિટલમાં લાંબો સમય દાખલ રાખવામાં આવેલ. આ દર્દીને તા. ૧૩/૦૮/૨૦૧૦ ના રોજ ઘરે ડિસ્ચાર્જ કરેલ.આ દર્દીને જયારે મારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા ત્યારે તેની એમ.એલ.સી. નોટ આપવામાં આવેલી તેમાં બોટાદ પોલીસ સ્ટેશનને જાણ કર્યાની વિગત છે જેમાં મારી સહી તથા સિક્કો છે જેતે રજૂ દાખલ આંક-૧૬૫ આપવામાં આવે છે. આ દર્દીનું સારવાર સર્ટિ. તા.૨૬/૦૭/૨૦૧૦ જેમાં મારી સહી તથા સિક્કો છે જે મારા સ્વહસ્તાક્ષરમાં ભરેલું છે જેને રજૂ દાખલ આંક-૧૬૬ આપવામાં આવે છે. આ દર્દીને ૧૩/૦૮/૨૦૧૦ ના રોજ ડિસ્ચાર્જ કરવામાં

આવેલા જે ડિસ્ચાર્જ નોટમાં મારી સહી તથા સિક્કો છે જે હું ઓળખી બતાવું છું જેને આ કામે રજૂ દાખલ આંક-૧૬૭ આપવામાં આવે છે. બોટાદ પોલીસ સ્ટેશન તરફથી તા.૧૧/૦૭/૨૦૧૦ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ જેમાં દર્દી ભાનમાં આવ્યેથી જાણ કરવા બાબતની વિગત દર્શાવેલ છે જે પત્રને રજૂ દાખલ આંક-૧૬૮ આપવામાં આવે છે.રાણપુર પોલીસ સ્ટેશન તરફથી દર્દીનું સારવાર સર્ટિ આપવા બાબતે તા.૧૦/૦૯/૨૦૧૦ ના પત્રને રજૂ દાખલ આંક-૧૬૯ આપવામાં આવે છે. રાણપુર પોલીસ સ્ટેશન તરફથી દર્દીનું સારવાર સર્ટી આપવા બાબતનો તા. ૧૫/૦૭/૨૦૧૦ ના પત્રને રજૂ દાખલ આંક-૧૭૦ આપવામાં આવે છે. દર્દીનું ડી.ડી. લેવા બાબતે આપેલ પ્રમાણપત્ર જેમાં મારી સહી, હોદ્દો તથા નામ છે જે ડી.ડી.ને રજૂ દાખલ આંક-૧૭૧ આપવામાં આવે છે. બોટાદ સોનાવાલા હોસ્પિટલ તરફથી રીફર નોટ આપવામાં આવેલી જે રીફર નોટ (ફેરબદલી ફોર્મ) તા.૧૦/૦૭/૨૦૧૦ ને રજુ દાખલ આંક-૧૭૨ આપવામાં આવે છે. આ દર્દીની ઓ.પી.ડી. કેસ તા.૧૦/૦૭/૨૦૧૦ જેમાં તેમની ઇજાઓની વિગત લખેલી જે મારા સ્વહસ્તાક્ષરમાં છે જેને રજૂ દાખલ આંક-૧૭૩ આપવામાં આવે છે. દર્દીના ઇન્ડોર કેસ પેપર્સ જે દર્દીની સારવાર કરતાં સમયે તેને આપેલી સારવારની વિગતો લખેલી છે જે મારા સ્વહસ્તાક્ષરમાં લખેલી છે જેને આ કામે રજૂ દાખલ આંક-૧૭૪ આપવામાં આવે છે.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલ શ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે હાલના કામના દર્દી મારી પાસે પોલીસ યાદી વગર આવેલા તથા આ કામના દર્દીએ તેને કોઇએ મારેલ હોય તેવી વિગત તેને જાતે જણાવેલ નથી. સાહેદ જણ કે દર્દીની સ્થિતી બોલી શકે તેવી ન હતી. એ વાત ખરી છે કે સર્ટિફીકેટની અંદર હિસ્ટ્રી બાબતે કોઇ વ્યક્તિના નામ કે હથિયાર જણાવવામાં આવેલ નથી.

સવાલ: હાલનો દર્દી ૩ દિવસ સુધી બેભાન રહેલા હોય તેવું બનેલું?

જવાબ: ના.

એ વાત ખરી છે કે આ દર્દીને કેટલો ડાયાબીટીશ હતો તેનો ઉલ્લેખ સર્ટી.માં કરવામાં આવેલ નથી તથા જયાં સુધી ડાયાબીટીશ કન્ટ્રોલમાં ન આવે ત્યાં સુધી તેનું ઓપરેશન કરવું જોઇએ નહીં તેમજ ડાયાબીટીશ કન્ટ્રોલમાં લાવવા માટે એમ.ડી. ડોકટરને કન્સલ્ટ કરવું જરૂરી છે. એ વાત ખરી નથી કે સામાન્ય રીતે જો કોઈ દર્દીને ડાયાબીટીસ ખુબ વધી જાય તો તેને કન્ટ્રોલ કરવા માટે ૨૪ કલાકથી વધુ સમય લાગે. સાહેદ જણાવે છે કે ઇન્જેક્શનથી ઝડપથી કન્ટ્રોલમાં લાવી શકાય છે. એ વાત ખરી નથી કે હાલના દર્દીની ઇજાઓ એવી ગંભીર ન હતી કે તેનું ઝડપથી ઓપરેશન કરવું પડે. એ વાત ખરી છે કે હાલના દર્દીને પગ તથા હાથ પુરતા

જ ઓપરેશન કરવામાં આવેલ તથા દર્દીને માથામાં થયેલી ઈજાની સારવાર બોટાદ સોનાવાલામાં ટાંકા લીધેલ હોવાથી હું એ ન કહી શકું કે આ ઘાવ કેટલો ઉંડો હતો. એ વાત ખરી છે કે, કોઇ વ્યક્તિ પાંચેક ફુટ ઉંચા ઓટલા ઉપરથી ઉભા થઇ ઉતરવા જતા પગ કિનારા પર અડીને લપસે અને નીચે આર.સી.સી. રોડ હોય તો પડી જવાથી ઈજા નં.૨ થી ૭ સુધી થવા સંભવ છે. સાહેદ જણાવે છે કે ૫ ફુટ ઉંચેથી પડી જવાથી આ તમામ ઇજાઓ એક સાથે થવી શક્ય નથી.

22. ફરિયાદપક્ષે આંક-૧૭૭ થી ત.ક.અ.શ્રી જિતેન્દ્રભાઈ મગનભાઈ ભોરણીયાને સોગંદ પર તપાસતાં તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, હું જયારે રાણપુર પોલીસમાં પ્રો.પી.એસ.આઇ. તરીકે હતો ત્યારે રાણપુર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિસ્ટર નંબર ૩૧/૨૦૧૦ ઇ.પી.કો. કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૬,૩૨૪,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના કામની તપાસ રાણપુર પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. એમ.એન.પંડયા સાહેબ પાસે હોય જે તપાસ અમોને મળતાં અમોએ ફરિયાદ હકિકત તથા સંલગ્ન પેપર્સ વંચાણે લઇ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ ઇજા પામનાર કરમશીભાઈ માધાભાઈ ડાભીના છાયા હોસ્પિટલ બોટાદ ખાતેથી બનાવ સમયે પહેરેલ કપડા બે પંચો રૂબરૂ કબજે લીધેલ અને તેની મુદ્દામાલ પાવતી બનાવેલ તેમજ ઇજા પામનારની બોટાદ મામલતદાર કચેરી ખાતેથી ઈજા પામનારનું ડી.ડી.ની નકલ મેળવવા અરજ કરેલ અને ડી.ડી.ની નકલ મેળવી છાયા હોસ્પિટલ બોટાદ ખાતેથી ઇજા પામનારનું સારવાર સર્ટિ મેળવવા અરજ કરેલ જે સારવાર સર્ટીન નકલ મેળવી તેમજ આ કામના આરોપીઓ તા. ૨૦/૦૭/૨૦૧૦ ના રોજ બે પંચો રૂબરૂ આરોપીઓ પોતે હાજર થતાં ધોરણસર અટક કરેલ અને ગુનાના કામે ઉપયોગમાં લીધેલ હથિયારો કબજે લીધેલ તેમજ આરોપીઓનું ચહેરાનિશાન પત્રક તથા એરેસ્ટ મેમો તથા મુદ્દામાલ પાવતી તૈયાર કરેલી. ત્યારબાદ અમારી બદલી થતાં આગળની તપાસ પો.સ.ઇ. એમ.એન.પંડયા સાહેબને સોંપેલી. આ કામનું રેકર્ડ તપાસતાં મહદઅંશે તપાસ પુર્ણ થયેલ હોય પો.સ.ઈ. એમ.એન.પંડયા સાહેબે આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ કરેલું. આરોપીઓને હું જોયેથી ઓળખી શકું. આરોપી નં.૫ મરણ ગયેલ છે. આરોપી નં.૧ થી ૪ અને ૮ હાજર છે તે તે જ છે. આરોપ નં. ૬ અને ૭ તરફે મુક્તી રીપોર્ટ હોય ઓળખની તકરાર જતી કરેલ છે.

સદર સાહેદની બચાવપક્ષે વિદ્વાન વકિલ શ્રી દ્વારા ઉલટતપાસ કરતાં તેઓ જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ ઘણા બધા મકાનો આવેલા છે. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાનું પંચનામુ મે જાતે તૈયાર કરી તૈયાર પંચનામામાં ફકત પંચોની સહીઓ લીધેલ કે આરોપીઓને પંચો રૂબરૂ અટક કરેલ હોય કે મુદ્દામાલ રીકવર કરેલ હોય તેવા મતલબનું પંચનામુ મે જાતે તૈયાર કરી લીધેલું. એ વાત ખરી છે કે, આ કામે મે જે સાહેદોના નિવેદનો લીધેલા તે ભોગબનનારના સગા-વહાલાઓ છે. એ વાત

ખરી નથી કે, સાહેદોના નિવેદનો મે જાતે તૈયાર કરી લીધેલા તેમજ આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ તેના સમર્થનમાં સોગંદ પર ખોટી જુબાની આપુ છું.

23. આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સામે ઇ.પી.કો. કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૬, ૩૨૪, જી.પી.એકટની કલમ-૧૩૫ પુરાવાથી આરોપીઓ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)તથા મુજબની અગત્યની હકિકતો નિ:શંકપણે શંકાથી પર પુરવાર કરવાની રહે છે. જેથી ઇ.પી.કો.કલમ - ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૬, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ ની વિસ્તૃતમાં ચર્ચા કરી કલમો જોઇ અલગ-અલગ મુદ્દા પ્રમાણે જોવું જરૂરી જણાય આવે છે.

24. આ કામે ઈ.પી.કો. કલમ-326,324,323,147,148,149,504,506(2) અને તેનો ગુનો સમજવા માટે તેની સંલગ્ન વ્યાખ્યાઓ ધ્યાને રાખવી અતી આવશ્યક છે જરૂરી બને છે.

323. Punishment for voluntarily causing hurt.—Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both.

324. Voluntarily causing hurt by dangerous weapons or means.—Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

326. Voluntarily causing grievous hurt by dangerous weapons or means.—Whoever, except in the case provided for by section 335, voluntarily

causes grievous hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance, or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with 1 [imprisonment for life], or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

146. Rioting.—Whenever force or violence is used by an unlawful assembly, or by any member thereof, in prosecution of the common object of such assembly, every member of such assembly is guilty of the offence of rioting. 147. Punishment for rioting.—Whoever is guilty of rioting, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both. 148. Rioting, armed with deadly weapon.—Whoever is guilty of rioting, being armed with a deadly weapon or with anything which, used as a weapon of offence, is likely to cause death, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both. 149. Every member of unlawful assembly guilty of offence committed in prosecution of common object.—If an offence is committed by any member of an unlawful assembly in prosecution of the common object of that assembly, or such as the members of that assembly knew to be likely to be committed in prosecution of that object, every person who, at the time of the committing of that offence, is a member of the same assembly, is guilty of that offence.

147. Punishment for rioting.—Whoever is guilty of rioting, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

148. Rioting, armed with deadly weapon.—Whoever is guilty of rioting, being armed with a deadly weapon or with anything which, used as a weapon of offence, is likely to cause death, shall be punished with imprisonment of either description for a term which may extend to three years, or with fine, or with both.

149. Every member of unlawful assembly guilty of offence committed in prosecution of common object.—If an offence is committed by any member of an unlawful assembly in prosecution of the common object of that assembly, or such as the members of that assembly knew to be likely to be committed in prosecution of that object, every person who, at the time of the committing of that offence, is a member of the same assembly, is guilty of that offence.

**ફરિયાદપક્ષના પુરાવા પર ચર્ચા**

25)આ કામે બનાવમાં સાહેદ કરમશીભાઇ માધાભાઇ ડાભીને  ઈજાઓ થયેલ છે. જેથી સદર સાહેદ પોતે ઈન્જર્ડ આઈ વીટનેશ છે જેથી ઈન્જર્ડ આઈ વીટનેશ તથા ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીનું મુલ્યાંકન કરતા સમયે નામદાર સર્વોચ્ચ અદાલતે આ સંદર્ભેના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **Bharwada Bhoginbhai Hirjibhai Versus State Of Gujarat reported in 1983(0) AIJEL-SC 3468** ના કામે નીચે મુજબ નો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે:

**(1) By and large a witness cannot be expected to possess photographic memory and to recall the details of an incident. It is not as if a videotape is replayed on the mental screen.**

**(2) Ordinarily it so happens that witness is overtaken by events. The witness could not have anticipated the occurrence which so often has an element of surprise. The mental faculties therefore, cannot be expected to be attuned to absorb the details.**

**(3) The powers of observation differ from person to person. What one may notice, another may not. An object or movement might emboss its image**

**on one person's mind, whereas it might go unnoticed on the part of another.**

**(4) By and large people cannot accurately recall a conversation and re-produce the very words used by them or heard by them. They can only re-call the main purport of the conversation. It is unrealistic to expect a witness to be a human tape recorder.**

**(5) In regard to exact time of an incident, or the time duration of an occurrence, usually, people make their estimates by guess-work on the spur of the moment at the time of interrogation. And one cannot expect people to make very precise or reliable estimates in such matters. Again, it depends on the time-sense of individuals which varies from person to person.**

**(6) Ordinarily a witness cannot be expected to recall accurately the sequence of events which take place in rapid succession or in a short time span. A witness is liable to get confused, interrogated later on. or mixed up when**

**(7) A witness, though wholly truthful, is liable to be overawed by the Court atmosphere and the piercing cross-examination made by Counsel and out nervousness mix up facts, sequence of of get confused regarding events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him perhaps it is a sort of a psychological defence mechanism activated on the spur of the moment.**

**PARA-6. Discrepancies which do not go to the root of the matter and shake the basic version of the witnesses, therefore, cannot be annexed with undue importance. More so when the all important "probabilities-factor" echoes in favour version narrated by the witnesses.**

26)ફરિયાદપક્ષ દ્વારા આંક-૭૩ થી સાહેદ કરમશીભાઈ માધાભાઇ ડાભીની જુબાની લેવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે " **બનાવની તારીખ ૧૦/૧૦/૨૦૦૭ ના રોજ સાંજના સાડા પાંચ વાગ્યે રામાપીરના મંદીરે બનેલો. હું રામાપીરના મંદીરે બેઠો હતો ત્યારે આ કામના આરોપી રણજીતભાઈ જેઠુરભાઇ તથા તેમની સાથેના સાત-આઠ માણસો આવી મને માથામાં ફરસી મારી હતી અને ધીરુભાઈ સામતભાઈએ મને જમણા હાથના પંજા ઉપર કાંડાના ભાગે લોખંડની પાઇપ મારી હતી તથા પ્રતાપભાઇ અનકભાઈએ લોખંડની પાઈપ જમણા પગના નળાની ઉપર મારેલી તથા રણજીતભાઈ અનકભાઈએ કુંડલીવાળી લાકડી પગના નળાના ભાગે મારેલી અને રણજીત જેઠુરભાઇએ ધારીયું પગના પંજામાં મારેલ અને ઉમેશ અનકભાઈએ કુંડલીવાળી લાકડી મને જમણાં હાથના કાંડા ઉપર મારેલ. સાહેદ હવે જણાવે છે કે મને ડાબા હાથના કાંડા ઉપર મારેલ. હરેશ ગભરુભાઈએ કુંડલીવાળી લાકડી મારા ટાંગામાં મારેલી. શીવરાજ દાનભાઇએ મને પગમાં લાકડી મારેલી** ત્યારબાદ દેકારો થતાં મારા ઘરના લીલાબેન કરમશીભાઈ, શોભાબેન તથા રસીકભાઈ દોડી આવેલા. અમારા ઘરના મારા પર પડી ગયેલા. પછી માર દિકરી શોભના તથા રશીકભાઈ આવેલા. રસીકભાઇએ ૧૦૮ બોલાવી મને બોટાદ સોનાવાલા દવાખાનામાં લઈ ગયેલા. સોનાવાલાએ મારા ઘરનાઓને એવું કહેલું કે ભાવનગર લઇ જાવ ત્યારબાદ છાયા હોસ્પિટલમાં લઇ ગયેલા અને મને ત્યાં દાખલ કરેલો. સવારના પાંચ વાગ્યે મારું ઓપરેશન કરી પગમાં સળીયા નાખેલા. ત્યારબાદ રાણપુરથી મામલતદાર સાહેબ ડી.ડી. કરવા આવેલા, પછી બીજા દિવસે ૧૧મી તારીખે મામલતદાર સાહેબ આવેલા અને પછીની ૧૨મી તારીખે પોલીસવાળા આવેલા. અમાર હંસરાજભાઈ પાસેથી લુગડા પોલીસવાળા લઇ ગયા તે પીળા કલરનો બુશર્ટ હતો અને ભુરા કલરનું પેન્ટ હતું. અમને આજે મારી નાખવાની બીક લાગે છે જેથી બોટાદ રહેવા જતા રહ્યા છીએ. અમારી અને એમની જમીન એક શેઢે આવેલી છે જે પચાવી પાડવા માટે મને માર મારેલો. મે ચાર-પાંચ કેસો કરેલા છે. એક દાવો કરેલ છે જે દાવો અમે જીતી ગયેલ છીએ એટલે ભરતભાઇ જેઠુરભાઈ તથા રણજીતભાઇ એ બધા આઠેય જણા ધમકી આપે છે. જે ૪-૫ કેસો કરેલા તે ૨૦૧૦ પછી કરેલા. ભરતભાઈ જેઠુરભાઈ વિગેરે લોકો હથિયાર લઇને આડા ઉભા રહે તેમજ ખેતરમાં તલ વિગેરે લેવા દેતા નહીં જેથી કેસો કરેલા. પોલીસ પુછપરછ કરવા માટે છાયા હોસ્પિટલમાં આવેલી. આરોપીઓને જોયેથી ઓળખી શકું અમુક આરોપીઓ હાજર છે તે તે જ

છે જે આરોપીઓ હાજર નથી તેમની ઓળખી તકરાર જતી કરેલ છે. મને મુદ્દામાલ હથિયાર બતાવવામાં આવે તો હું ઓળખી શકું”

આમ સદર ઇજા પામનાર સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે.સદર સાહેદે પોતાની જુબાનીમાં બનાવનું સ્થળ તેમજ કયા આરોપી દ્વારા કયા હથિયારથી ઇજા કરવામાં આવેલ તેવું સ્પષ્ટપણે જણાવેલ છે જેથી સદર સાહેદની જુબાનથી બનાવ સમયે તમામ એરોપીઓએ ફરિયાદીને પ્રાણઘાતક હથિયારો વડે ગંભીર ઇજા પહોંચાડેલી હોવા અંગે નો સ્પષ્ટ પુરાવો આપેલ હોય જેથી આ હકીકતો સદર સાહેદની જુબાની થી પુરવાર થાય છે.સદર સાહેદે બનાવની તારીખ અલગ જણાવેલ છે પરંતુ ઉપરોક્ત જણાવેલ નામદાર સુપ્રીમ કોર્ટના  ભોગીન ભરવાડના ચુકાદા પ્રમાણે આ માઈનર કોન્ટ્રાડીકશન કેહવાય જેથી સદર સાહેદની જુબાનીને તારીખમાં વિરોધાભાસ માત્ર થી ના માનવાનું કોઈ કારણ રેહતું નથી. તેમજ ઊલટતપાસમાં સદર સાહેદે જણાવેલ હકીકતો અંગેનો કોઈ મેજર વિરોધાભાસ રેકોર્ડ ઉપર લાવેલ નથ.સદર સાહેદની જુબાની ફરિયાદ,નિવેદન,ડોક્ટર ની જુબાની તથા મેડિકલ સર્ટિફિકેટ જોડે કોરોબ્રેટ થાય છે.આમ આ તમામ હકીકતો સાહેદની જુબાનીમાં સ્પષ્ટપણે પુરવાર થાય છે.નામદાર ગુજરાત હાઇકોર્ટે **State Of Gujarat vs Bharwad Jakshibhai Nagribhai And  1990 CriLJ 2531** ના ચુકાદામાં નીચે મુજબ જણાવેલ છે:-

> **In our view, the approach of the learned Judge in appreciating the evidence of injured witnesses is on the face of it illegal and erroneous. For appreciating the evidence of the injured witnesses the Court should bear in mind that:**
>
> **(1) Their presence at the time and place of the occurrence cannot be doubted.**
>
> **(2) They do not have any reason to omit the real culprits and implicate falsely the accused persons.**
>
> **(3) The evidence of the injured witnesses is of great value to the prosecution and it cannot be doubted merely on some supposed natural conduct of a person during the incident or after the incident because it is difficult to imagine how a witness would act or react to a**

**particular incident. His action depends upon number of imponderable aspects.**

**(4) If there is any exaggeration in their evidence, then the exaggeration is to be discarded and not their entire evidence.**

**(5) While appreciating their evidence the Court must not attach undue importance to minor discrepancies, but must consider broad spectrum of the prosecution version. The discrepancies may be due to normal errors of perception or observation or due to lapse of memory or due to faulty or stereo-type investigation.**

**(6) It should be remembered that there is a tendency amongst the truthful witnesses also to back up a good case by false or exaggerated version. In this type of situation the best course for the Court would be to discard exaggerated version or falsehood but not to discard entire version. Further, when a doubt arises in respect of certain facts stated by such witness, the proper course is to ignore that fact only unless it goes into the root of the matter so as to demolish the entire prosecution story.**

27. આમ, હાલના કેસમાં સદર સાહેદની જુબાની કોર્ટને વિશ્વસનીય લાગતી હોવાથી તેમજ સદર સાહેદની જુબાનીમાં કેસમાં કોઈ મેજર કોન્ટ્રાડીકશન જે કેસના મુળને અસર કરે તેવા આવેલા નથી. જેથી સદર સાહેદ ઇજા પામનાર હોય તેની જુબાની ઉપર આધાર રાખી શકાય તેમ છે.

28. ફરિયાદપક્ષ દ્વારા આંક- ૧૩૪ થી સાહેદ શોભાબેન વા/ઓફ રમેશભાઈ સાકળીયાની જુબાની લેવામાં આવી છે. તેઓ પોતાના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, **બનાવ ગઈ તા.૧ ૦/૭/૨૦૧૦ ના રોજ હુ ખસ મુકામે મારા પિતાના ઘરે હતી ત્યારે સાંજના સમયે પાંચેક વાગે બનાવ બનેલો. ત્યારે હુ તથા મારા માતા લીલાબેન મારા ઘરે હતા ત્યારે મારા પિતા કરમશીભાઈ માધાભાઈ રામદેવપીરના મંદીર ની સામે ઓટા પર બેસવા ગયેલ હતા ત્યારે અચાનક અવાજ આવતા હુ ં તથા મારી બા બંને ઘરની બહાર આવીને**

**જોયેલ તો મંદીરના ઓટલા પાસે મારા પિતાને અમારા ગામના દરબારો હથિયારો વડે માર મારતા હતા. મારા પિતા પડી ગયેલા હતા અને આ લોકો મારા પિતાને મારતા હોય મારી બા મારા પિતા પર આડા ફરેલા. મારા પિતાને મારતા હતા ત્યારે ભરતભાઈ જેઠુરભાઈ પાસ ફરસી હતી અને રણજીતભાઈ જેઠુરભાઈના હાથમા ધારીયુ હતુ તથા ધીરુભાઈ સામતભાઈના હાથમા લોખંડની પાઈપ હતી તથા રણજીતભાઈ અનકભાઈ તથા શિવરાજભાઈ એ રીતેના મળી કુલ-૮ લોકો હતો જેઓની પાસે લાકડી અને પાઈપ જેવા હથિયારો હતા. બનાવને ઘણો સમય થયો હોય ચોકકસ કોના હાથમા કયુ હથિયાર હતુ તે મને હાલ યાદ નથી પરતુ હતું આ તમામ આરોપીઓને જોયેથી ઓળખુ છુ. મારા પિતાને માથામા તથા બંને હાથે તથા બંને પગે વાગેલુ હતુ.** ત્યારબાદ મારા દાદાના દીકરા રસીકભાઈ ગીરધરભાઈ આવી જતા ૧૦૮ માં હતું તથા મારી બા તથા રસીકભાઈ મારા પિતાને બોટાદ સોનાવાલા હોસ્પીટલમા સારવાર માટે લઈ ગયા ત્યા પ્ર ાથમિક સારવાર કરાવી ડોકટર સાહેબે ભાવનગર જવાનહું જણાવતારું મારા પિતાને તબિયત વધારે ખરાબ હોય મારા પિતાને છાયા હોસ્પીટલ દાખલ કરેલા. મારા પિતાને માથામાં તથા બંને હાથે તથા પગે ફેકચર હોય તેઓનુ ઓપરેશન કરેલ અને હોસ્પીટલમાં ૩૦ દીવસ સારવાર લીધેલી. આ બનાવનું કારણ બગડના મારગે અમારી જમીન આવેલી હોય આ જમીન ભરતભાઈ જેઠુરભાઈ તથા રણજીતભાઈ જેઠુરભાઈનાઓ પચાવી પાડવા માંગતા હોય તે બાબતે હુમલો કરી માર મારેલ હતો. પોલીસે મારુ નીવેદન લીધેલુ. આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકુ. આરોપી ન ં.૪,૬,૭ તરફે મુકતી રીપોર્ટ હોય ઓળખની તકરાર જતી કરેલ છે. બાકીના આરોપીઓ ભરતભાઈ જેઠુરભાઈ તથા રણજીતભાઈ જેઠુરભાઈ તથા ધીરૂભાઈ સામતભાઈ હાજર છે તે તે જ છે તથા બીજા બે ઈસમોને હતું ઓળખી બતાવુ છુ૦ પરતહું તેમના નામ યાદ નથી. ઓળખી બતાવેલ બે આરોપીઓ પૈકી એક આરોપીનુ કોર્ટ રૂબરૂ નામ પુછતા પોતાનુ નામ શીવરાજભાઈ દાનાભાઈ ખાચર તથા બીજા આરોપીનુ કોર્ટ રૂબરૂ નામ પુછતા પોતાનુ નામ રણજીતભાઈ અનકભાઈ ખાચર હોવાનુ જણાવે છે જે આ કામના આરોપીઓ જ છે.

સદર સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે.સદર સાહેદે પોતાની જુબાનીમાં બનાવનું સ્થળ તેમજ કયા આરોપી દ્વારા કયા હથિયારથી ઇજા કરવામાં આવેલ તેવું સ્પષ્ટપણે જણાવેલ છે જેથી સદર સાહેદની જુબાનથી બનાવ સમયે ભરતભાઈ જેઠુરભાઈ, રણજીતભાઈ જેઠુરભાઈ, ધીરુભાઈ સામતભાઈના હાથમા તથા રણજીતભાઈ અનકભાઈ તથા શિવરાજભાઈ અને અન્ય ઈસમો એમ કુલ 8 લોકો કરમશી માધાભાઈને હથિયારો વડે મારતા હતા અને ઇજા પોહચાડેલી તેવું સ્પષ્ટ પણે જણાવેલ છે**.** આમ સદર સાહેદે ઉપરોક્ત આરોપીઓએ પ્રાણઘાતક હથિયારો વડે ગંભીર ઇજા પહોંચાડેલી હોવા અંગે નો સ્પષ્ટ પુરાવો આપેલ હોય જેથી આ હકીકતો સદર સાહેદની જુબાની થી પુરવાર થાય છે.જેથી સદર સાહેદની

જુબાનીને તારીખમાં વિરોધાભાસ માત્ર થી ના માનવાનું કોઈ કારણ રેહતું નથી. તેમજ ઊલટતપાસમાં સદર સાહેદે જણાવેલ હકીકતો અંગેનો કોઈ મેજર વિરોધાભાસ રેકોર્ડ ઉપર લાવેલ નથી.

29. ફરિયાદપક્ષ દ્વારા આંક-૧૩૯ થી સાહેદ રસીકભાઈ ગીરધરભાઈ ડાભીની જુબાની લેવામાં આવેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે અમો બોટાદ શંકરપરામા રહીએ છીએ અને અમારી ખેતીની જમીન ખસ ગામે બગડના માર્ગે આવેલી છે. **ગઈ તા.૧૦/૭/૨૦૧૦ ના રોજ સવારના વહેલા ૫ વાગ્યે અમારી ખસ ગામે આવેલી જમીનો ખેડવા માટે ગયેલ હતા અને સાંજના ૫ વાગે ખેતરેથી ખસ ગામે આવેલ મારા ઘરે પાછા આવતા હતા ત્યારે મારા ઘર પાસે પહોંચતા મારા ઘરની નજીકમાં આવેલ રામદેવપીરના મંદીરના ઓટલા પર મારા કાકા કરમશીભાઈ માધાભાઈ બેઠા હતા ત્યારે અમારા ગામના ભરતભાઈ જેઠુરભાઈ તેના હાથમાં ફરસી હતી તથા ધીરૂભાઈ સામંતભાઈ તેના હાથમા લોખંડની પાઈપ તથા પ્રતાપભાઈ અનકભાઈ તેના હાથમા લોખંડની પાઈપ તથા રણજીતભાઈ અનકભાઈ તેના હાથમા કુંડલીવાળી લાકડી તથા રણજીતભાઈ જેઠુરભાઈ તેના હાથમા ધારીયું તથા હરેશભાઈ ગભરૂભાઈ તેના હાથમાં કુડંલીવાળી લાકડી તથા ઉમેશભાઈ અનકભાઈના હાથમાં લાકડી તથા શીવકુભાઈ દાનભાઈ તેના હાથમાં લાકડી લઈને આવેલા અને મારી નજર સામે મારા કાકા પર હથિયારો વડે હુમલો કરવા લાગેલા. તેમા ભરતભાઈ જેઠુરભાઈએ મારા કાકાના માથામાં ફરસી મારેલી જેથી તે નીચે પડી ગયેલા તથા ધીરૂભાઈ સામંતભાઈએ લોખંડનો પાઈપ મારા કાકના જમણા હાથે કાં ડાના ભાગે મારેલો તથા પ્રતાપભાઈ અનકભાઈએ લોખંડની પાઇપ જમણા પગે નળાના ભાગે મારેલ તથા રણજીતભાઈ અનકભાઈએ કું ડલીવાળી લાકડી મારા કાકાને ડાબા પગે નળાના ભાગે મારેલ તથા રણજીતભાઈ જેઠુરભાઈએ મારા કાકાના ડાબા પગના પંજા પર ધારીયાનો ઘા મારેલ તથા હરેશભાઈ ગભરૂભાઈએ મારા કાકાને ડાબા હાથના કાંડાના ભાગે કું ડલીવાળી લાકડી મારેલી તથા શીવકુભાઈ દાનભાઈ અને ઉમેશભાઈ અનકભાઈ મારા કાકાને લાકડી વડે બંને પગ તથા હાથ પર મારવા લાગેલા અને બધા ભેગા થઈ જેમ ફાવે તેમ હથિયારો વડે માર મારતા હતા** અને તે દરમયાન મારા કાકાએ દેકારો કરતા મારા કાકી લીલાબેન તથા તેની દીકરી શોભાબેન આવી ગયેલા અને મારા કાકી લીલાબેન કરમશીભાઈની ઉપર  સુઈ જતા આ લોકોએ મારવાનુ બંધ કરી અને આ લોકો કહેવા લાગેલ કે આજે તારી પત્નીએ તને બચાવી લીધેલો છે હવે પછી તને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપેલી અને જાનથી મારી નાખવાની ધમકી આપી અને ગાળો બોલતા બોલતા જતા રહેલા ત્યાર પછી ૧૦૮ ને બોલાવતા ૧ ૦૮ આવતાં મારા કાકાને હું તથા મારા કાકી લીલાબેન તથા શોભાબેન એમ્બ્યુલન્સમાં બોટાદ સરકારી દવાખાન લઈ ગયેલા ત્યાં ડોકટર સાહેબે ભાવનગર લઈ જવાનું કહેતા મારા કાકા તથા બીજા સગા-સંબં ધીઓને બોલાવેલા અને તેઓના કહેવા પ્રમાણે ભાવનગરના બદલે બોટાદ છાયા હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરેલા. મારા કાકાને માથામાં તથા બં ને હાથમાં તથા બંને પગે ઈજાઓ હતી અને તેઓ

બેભાન થઈ ગયેલા હતા. મારા કાકાનૂ છાયા હોસ્પીટલમાં ઓપરેશન કરેલું. આ જઘડાનું કારણ સામાવાળાઓએ અમારી જમીન પચાવી પાડવી હોય કાકાને માર મારેલ. પોલીસે મારુ નીવેદન લીધેલુ. આરોપીઓ કોર્ટમાં હાજર હોય તો ઓળખી શકુ. બચાવપક્ષે આરોપી નં.૪, ૬, ૭ નો મુકતી રીપોર્ટ હોય ઓળખની તકરાર જતી કરેલ છે. બાકીના આરોપીઓ કોર્ટમાં હાજર છે તે તે જ છે. મને મુદામાલ હથિયાર બતાવવામાં આવે તો તે હું જોયેથી ઓળખી શકુ.

આમ સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે.સદર સાહેદે પોતાની જુબાનીમાં  બનાવનું સ્થળ તેમજ કયા આરોપી દ્વારા કયા હથિયારથી ઇજા કરવામાં આવેલ તેવું સ્પષ્ટપણે જણાવેલ છે જેથી સદર સાહેદની જુબાનથી બનાવ સમયે તમામ એરોપીઓએ કરમશીભાઈ માધાભાઈ રામદેવપીરને  પ્રાણઘાતક હથિયારો વડે ગંભીર ઇજા પહોંચાડેલી હોવા અંગે નો સ્પષ્ટ પુરાવો આપેલ હોય જેથી આ હકીકતો સદર સાહેદની જુબાની થી પુરવાર થાય છે. તેમજ ઊલટતપાસમાં સદર સાહેદે જણાવેલ હકીકતો અંગેનો કોઈ મેજર વિરોધાભાસ રેકોર્ડ ઉપર લાવેલ નથી.

30. ફરિયાદપક્ષ દ્વારા આ કામે આંક-૬૩ થી ફરિયાદી લીલાબેન કરમશીભાઈ ડાભીની જુબાની લેવામાં આવેલ છે. તેઓ તેમના પુરાવામાં એવી હકિકત જણાવે છે કે, બનાવની ચોક્કસ તારીખ મને યાદ નથી. **બનાવ આશરે આઠ વર્ષ અગાઉ રામાપીરના મંદીર આગળ સાંજના પાંચ થી સાડા પાંચ વાગ્યાના અરસામાં બનેલો. બનાવના દિવસે અમે અમારી વાડીએ ખેડવા માટે ગયેલા અને ખેડાણ કરીને અમે પરત આવી ગયેલા અને સાંજે રામાપીરના મંદીરે બેઠેલા હતા અને પાછળથી આવીને મારવા લાગેલા. ભરતભાઈ આવેલા પછી તેઓ આવીને મારવા લાગેલા પછી રણજીતભાઈ મારવા લાગેલા**. ઝા-ઝા વર્ષ થયેલા એટલે બનાવ અંગે મને કાંઇ ખબર નથી. જમીન માટે મારવા લાગેલા, પછી ૧૦૮ ને બોલાવેલી ત્યાર **બાદ બોટાદ સરકારી હોસ્પિટલમાં ગયેલા અને મારા પતિની દવા કરાવેલી માત્ર મારા પતિની દવા કરાવેલી. મારા પતિને જેઠુંરભાઈ, રણજીતભાઈ, ભરતભાઈનાઓએ માર મારેલો**. બનાવ સમયે મે જે ૩ ના નામ લખાવેલા અને બીજા આઠ જણા ગાળો બોલતા હતાં. બનાવ અંગે મે પોલીસમાં ફરિયાદ કરેલી મને ફરિયાદ બતાવવામાં આવે છે. જેમાં મારા અંગુઠાનું નિશાન છે જે હું ઓળખી બતાવું છું. જેને રજૂ દાખલ આંક-૬૪ આપવામાં આવે છે. આજ રોજ આરોપીઓ કોર્ટમાં હાજર છે તે તે જ થે.

આમ સદર ઇજા પામનાર સાહેદે ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે.સદર સાહેદે પોતાની જુબાનીમાં બનાવનું સ્થળ તેમજ  આરોપી ભરતભાઈ અને રણજીતભાઇ તથા અન્ય ઈસમો દ્વારા ઇજા કરવામાં

આવેલ તેવું સ્પષ્ટપણે જણાવેલ છે જેથી સદર સાહેદની જુબાનથી બનાવ સમયે ભરતભાઈ તથા રણજીતભાઇ  અને અન્ય ઈસમોએ  ઇજા પોચાડેલી તેટલું કોરોબ્રેશન ફરિયાદપક્ષના પુરાવા સાથે થાય છે.

ફરિયાદ પક્ષે ત્પાસેલ અન્ય સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી જેથી તે હીયરસે વિટનેસ હોય તેમના પુરાવા થી ફરિયાદપક્ષ નો કેસ પુરવાર થયેલ નથી.

**<u>31. ડોક્ટર સાહેદના  પુરાવા  પર ચર્ચા -:</u>**

સદર કામે આંક -164 થી ડોક્ટર ને તપાસવામાં આવેલ છે.તેઓએ તેમની જુબાનીમાં જે ઇજા પામનાર સાહેદ કરમશીભાઈ માધાભાઇ ડાભીને થયેલ ઇજાઓ જણાવેલ છે તે ઇજા પામનાર સાહેદની જુબાની સાથે અને મેડિકલ સર્ટિફિકેટ સાથે કોરોબ્રેટ થાય છે તથા ડોક્ટરે જણાવેલ છે કે સાહેદને ફ્રેકચર હતું,ઈજા ગંભીર પ્રકારની હતી.આરોપીપક્ષ ઊલટતપાસમાં કોઈ મેજર કોન્ટ્રાડીકશન લાઈ શકેલ નથી તેથી ડોક્ટરની જુબાની ના માનવાનું કોઈ કારણ જણાઈ આવતું નથી.

**<u>32. પંચ સાહેદની જુબાની પર ચર્ચા -:</u>**

12.6 આ કામે પંચસાહેદો ની જુબાની લેવામાં આવેલી છે.તેઓએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.નામદાર ગુજરાત હાઇકોર્ટે **<u>Vahaji Ravaji Thakore vs State Of Gujarat (2004)1 GLR 777</u>** માં જણાવેલ છે કે:

> **“Merely because the panch witnesses do not support the case of the prosecution, the case of the prosecution need not be thrown over board as unreliable. It must be realised that the phenomenon of panch witnesses turning hostile to the prosecution is not unknown and is ever on the increase. It needs hardly to be emphasised that the decision of a case does not depend solely on the question whether the panch witnesses support the prosecution or turn their back on it. If the decision of the case were to depend solely on the testimony of panch witnesses regardless of the evidence of independent witnesses, in theory, it would be giving a right of veto to the panchas so far as the question of culpability of an accused is concerned. If the evidence of police officer is otherwise found to be true and dependable, judicial pragmatism**

**requires that merely because the panchas do not support, it should not be made a ground to discard his evidence”**

**33.** આમ ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેવામાં આવે તો માત્ર એ કારણસર કે પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપતા નથી, તેથી ફરિયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરેલ નથી તેવું માની ન શકાય. તે સમજવું આવશ્યક છે કે પંચ સાહેદો ફરિયાદપક્ષ તરફ પ્રતિકૂળ બની જવાની ઘટના અજાણી નથી અને તે સતત વધી રહી છે. એ વાત પર ભાર મૂકવાની જરૂર છે કે કેસનો નિર્ણય ફક્ત આ પ્રશ્ન પર આધાર રાખતો નથી કે શું પંચના સાક્ષીઓ ફરિયાદને સમર્થન આપે છે કે કેમ.જો પોલીસ અધિકારીના પુરાવા અન્યથા સાચા અને ભરોસાપાત્ર હોવાનું જણાય છે, તો તેના પુરાવા પર વિશ્વાસ રાખી શકાય.આંક 177 થી તપાસકરનાર અમલદાર જીતેન્દ્રભાઈ મગનભાઈને તપાસવામાં આવેલ છે તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે પંચનામુ તેમના રૂબરૂમાં થયેલ છે જેથી ફરિયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર ની જુબાનીમાં પંચનામાને સાબિત કરેલ છે.

**34. કલમ 326 અંગે તથા કલમ 147,148,149 અંગે ચર્ચા.**

Whoever, except in the case provided for by section 335, voluntarily causes grievous hurt by means of any instrument for shooting, stabbing or cutting, or any instrument which, used as a weapon of offence, is likely to cause death, or by means of fire or any heated substance, or by means of any poison or any corrosive substance, or by means of any explosive substance, or by means of any substance which it is deleterious to the human body to inhale, to swallow, or to receive into the blood, or by means of any animal, shall be punished with [imprisonment for life], or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

આ કામે ઇજા પામનાર સાહેદ અને ડોક્ટરની જુબાની જોવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આરોપીઓએ પ્રાણઘાતક હથિયાર વડે આઇ.પી.સી કલમ 320 માં જણાવેલ ઈજાઓ પહોંચાડેલ છે.
નામદાર સુપ્રીમ કોર્ટે **Pravat Chandra Mohanty vs The State Of Odisha AIR 2021 SC 1067** ના ચુકાદાના શબ્દો નીચે મુજબ છે**:-**

**22. Emphasis of learned counsel for the appellants is that only lathi and wooden batten were alleged to have been used as weapons of offence, use of which weapons cannot be said to be likely to cause death. MO.IV was a bamboo lathi and Mo.VII was a wooden batten.The submission cannot be accepted that use of wooden lathi and batten are weapons which are not likely to cause death. Wooden lathi and batten are the weapons which are usely possessed by the police and the submission cannot be accepted that the injuries cannot be caused by wooden lathi and batten which may cause death. It depends on the manner of use of the wooden lathi and batten.**

35. ઉપરોક્ત નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા પ્રમાણે લાકડી દ્વારા ગંભીર ઈજાઓ કરેલ હોય તો લાકડી પણ પ્રાણઘાતક હથિયારની વ્યાખ્યામાં આવે છે તેવું જણાવેલ છે. મેડિકલ સર્ટિફિકેટ, ડોક્ટર ની જુબાની થી પણ સ્પષ્ટ થાય છે  કે ઇજા પામનાર સાહેદ  કરમશીભાઈ માધાભાઇ ડાભીને ગંભીર પ્રકારની ઇજા થયેલ છે.હવે પ્રાણઘાતક હથીયાર ની વાત કરીએ તો આરોપીઓએ લોખંડની પાઇપ,ધારિયું,કુંડલી વાળી લાકડી તથા લાકડી વડે ઇજા પામનારને ગંભીર પ્રકારની ઈજાઓ પોંચડેલ છે.ઉપોરોકત ચુકાદા પ્રમાણે જ્યારે લાકડી પણ પ્રાણઘાતક હથિયાર ની વ્યાખ્યામાં આવે જ્યારે લાકડીનો ઉપયોગ ગંભીર ઇજા પોચડવા માટે કરેલ હોય.જેથી કલમ 326 ના તત્વો મળી આવેલ છે.

36. આઈ.પી.સી કલમ 147,148,149 પુરવાર કરવા માટે પેહલા આરોપીઓએ ઘેરકાયદેસર મંડળી રચીને પેહલેથી માર મારવાનું નક્કી કરેલ અને માર મારેલ તેવું રેકોર્ડ પર લાવવું પડે.ફરિયાદપક્ષ આ કામના આરોપીઓએ ઇજા પામનાર સાહેદને માર મારેલ છે તેવું ઉપરોક્ત ચર્ચા પ્રમાણે સાબિત કરેલ છે પરંતુ આરોપીઓ પેહલેથીજ ઘેરકાયદેસર મંડળી રચેલ અને તેમનો કોમન ઓબજેક્ટ હતો તેવું સાબિત કરેલ નથી જેથી ઉપરોક્ત કલમ પુરવાર થયેલ નથી.

37.  વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ 504 નો ગુનો શાબ્દિક ઉચ્ચારણનો ગુનો છે અને તે અનુસંધાને ફરિયાદ પક્ષના કેસના પુરાવાની ચર્ચા કરીએ તે પહેલા ભારતીય દંડ સંહિતાની કલમ 504 ની કાયદાકીય પરિસ્થિતિ તથા જોગવાઈ વંચાણે લેતા ફરિયાદ પક્ષે આ ગુનો પુરવાર કરવા માટે આરોપીઓ દ્વારા ચોક્કસ કયા શબ્દો બોલાયેલા હતા અને આવા શબ્દો બોલી શાંતિ જોખમાય તેવું હેતુપૂર્વકનું અપમાન કર્યું હતું તેવી હકીકત રેકર્ડ ઉપર લાવી જરૂરી છે જો ફરિયાદ પક્ષ આવી હકીકત પુરવાર ન કરી શકે તો કલમ 504 નો

ગુનો પુરવાર માની શકાય નહીં. આ કામે તપાસવામાં આવેલ ફરિયાદી તથા સાહેદો  તેમની જુબાનીમાં આ કામના આરોપીઓ દ્વારા કઈ ગાળો બોલેલ અને કેવી રીતે ધમકી આપેલી તે અંગે કોઈ સ્પષ્ટ શબ્દો જણાવતા નથી તેવા સંજોગોમાં આરોપીઓ વિરુદ્ધ આક્ષેપવામાં આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ 504 મુજબના ગુનાના કોઈ જ તત્વો પુરવાર થતા નથી.

38.  વધુમાં આ કામે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ 506 (2) નું આક્ષેપિત ગુનો છે જે ગુનાની કાયદાકીય જોગવાઈ વંચાણે  લેવી જરૂરી છે.

**કલમ 506(2)  ગુનાહિત ધમકીની સજા**

કોઈપણ વ્યક્તિ  ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા મહાવ્યથા વગર કરવાની હોય અને જો તે ધમકી મૃત્યુ નીપજાવવાની અથવા કરવાની અથવા આજથી કોઈ મિલકતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વરસ સુધીની કેદની સજા ને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર્યહીનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વરસ સુધીની બેમાંથી કોઈ પ્રકાર ની સજા અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

આ સંદર્ભે ના ગુજરાત હાઈકોર્ટ દવારા **Munsafkhan Yasinkhan Pathan Versus State Of Gujarat reported in 1996 (0) AIJEL-HC 215032** ના કામે નીચે મુજબ ઠરાવેલ છે.

PARA- 10 However, the question which arises is whether the Courts below have focused their attention on the necessary ingredients of the offence under Sec. 506 of the IPC. One of the ingredients of the offence under Sec. 506 r/w. Sec. 503 of the IPC is that the complainant should have been alarmed by the threat alleged to have been administered to him. This would have bearing on the intention of the accused to alarm the complainant. This ingredient has been noticed by the Bombay High Court in the case of State of Maharashtra V/s.

Prakash Mahadeo Mane (supra). There in para 8 of the citation it has observed under:

"As regards the offence under Sec. 506 of the Penal Code, the learned Trial Magistrate himself has recorded in order of acquittal on a very sound reason, viz. that the complainant could not have been alarmed by the so called threat, inasmuch as he was properly attending the duties thereafter also. The provisions of Sec. 506, therefore, would not be attracted."

39. ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતા અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા, આ ગુનો પુરવાર કરવા માટે આરોપીઓ દ્વારા આપવામાં આવેલ ગુનાહિત ધમકીથી ફરિયાદી, ઇજપામનારને તેવી ધમકીના કારણે તાત્કાલિક મૃત્યુની બીક હેઠળ આવી ગયેલ હતા તેવી હકીકત રેકર્ડ પર લાવી જરૂરી છે. જો ફરિયાદી આવી હકીકત પુરવાર કરી સકે નહીં તો ભારતીય દંડ સંહિતાની કલમ 504 તથા 506(2) હેઠળ નાં ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવી સકાય નહીં. હાથ પરના કેસમાં ચકાસતા આરોપીઓએ ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોવા અંગેનો ફરિયાદમાં જે આક્ષેપ મુકેલ છે. જે સંદર્ભે ફરિયાદી તથા સાહેદોનો  સોગંદ પરનો પુરાવો વાંચાણે લેવામા આવે તો ફરિયાદી તથા સાહેદો અદાલત સમક્ષની જુબાની માં તેવી કોઈજ હકીકત જણાવતા નથી.તેવા સંજોગોમાં આરોપીઓ વિરુદ્ધ આક્ષેપવામા આવેલ ભારતીય દંડ સંહિતાની કલમ - 506(2) મુજબ નાં ગુન્હાનાં કોઈજ તત્વો પુરવાર થતાં નથી.આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. આમ ફરિયાદ પક્ષ તરફે રજૂ સમગ્ર પુરાવાઓની છણાવટ કરતાં હાલના કામનાં આરોપીઓએ કેહવતો ગુનો આચરેલાની હકીકત નિ:સંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સરેઆમ નિષ્ફળ નીવડેલા છે તેવું કઈ શકાય.

**<u>40. જી.પી.એક્ટ કલમ 135 અંગેની ચર્ચા-:</u>**

વધુમાં ફરિયાદ પક્ષના પુરાવાનું મૂલ્યાંકન કરતા હાલના બનાવના સમયે જાહેરનામું અમલમાં હોય આરોપીઓ એ હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું જણાઈ આવે છે પરંતુ હથિયારબંધીના જાહેરનામાના ઢંઢેરો અંગેનો કોઈ પુરાવો અદાલત સમક્ષ આવેલ નથી.તેમજ બનાવ સમયે જે હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હતું તેમની યોગ્ય રીતે પ્રસિધ્ધિ કરવામાં આવેલ હતી કે કેમ ? તે સંબંધે કોઈ પુરાવો રજુ થયેલ નથી, બનાવ સમયે હથિયારબંધીનું જાહેરનામું કઈ રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું અને

કાયદામાં જણાવેલ પધ્ધતિએ બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ હતી તેવો કોઈપણ પુરાવો ફરીયાદપક્ષ રજુ કરી શકેલ નથી.જેથી આરોપી સમક્ષનો જી.પી.એક્ટની કલમ 135 નો ગુનો પુરવાર થતો નથી.

**41.** આમ, ઉપરોકત વિગતે ચર્ચા કર્યા મુજબ, આરોપીઓ સામે ઈ.પી.કો. કલમ-326 મુજબનો ગુનો ફરિયાદપક્ષ દ્વારા લીધેલ જુબાનીથી સાબિત કરેલ છે. જયારે આરોપી સામે અન્ય કલમો અન્વયેનો ગુનો ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ ન હોય તેવા સંજોગોમાં મુદા નં.1 નો જવાબ અંશત: હકારમાં આપી મુદ્દા નં 2 સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

1. આ કામના આરોપીઓ (૧) ભરતભાઈ જેઠુરભાઈ ધાંધલ ઉ.વ.૨૬.,(૨) રણજીતભાઈ જેઠુરભાઈ ધાંધલ ઉ.વ.૩૦,(૩) ધીરુભાઈ સામતભાઈ ખાચર ઉ.વ.૫૦.,(૪) પ્રતાપભાઈ અનકભાઈ ખાચર ઉ.વ.૨૦.,(૫) રણજીતભાઈ અનકભાઈ ખાચર ઉ.વ.૨૪.,(૬) ઉમેશભાઈ ઉર્ફે ખુરી અનકભાઈ ખાચર ઉ.વ.૨૨.,(૭) હરેશભાઈ ગભરુભાઈ ખાચર ઉ.વ.૨૨.(૮) શીવરાજભાઈ ઉર્ફે શીવકુભાઈ દાનભાઈ ખાચર ઉ.વ.૧૯, રહે.બધા ખસ તા.રાણપુર, જિ.બોટાદને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ 1973 ની કલમ 248(1) અન્વયે ભારતીય દંડ સંહિતા,1860 ની કલમ - 326 મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે તેમજ અન્ય કલમો અંતર્ગત નિર્દોષ જાહેર કરવામાં આવે છે.

2. સદર કામના આરોપીઓને જે કલમો અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવેલ છે તેની સજા અંગે સાંભળવા પર મુલતવી.

હુકમ આજરોજ 15 એપ્રિલ ,2026 નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ: બોટાદ

તારીખ:15/04/26

(એચ.એચ પટેલ)
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,રાણપુર

**<u>સજા અંગે સાંભળ્યા-:</u>**

(૧) વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વકીલશ્રીને સજા અંગે સાંભળેયા. હાલના કામે આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમની કલમ-326 મુજબ દોષિત ઠરાવવામાં આવેલ હોય તે બાબતે આરોપીને સજા અંગે સાંભળતા, આરોપી તરફે વિ.વ.શ્રી એન.જી.વસોયા નાઓએ જણાવેલ છે કે, આરોપી કુટુંબકબીલા વાળા માણસ હોય અને તેઓના પરીવારની જવાબદારી આરોપી ઉપર રહેલ છે તેમજ આરોપીનો પ્રથમ ગુનો છે. ભુતકાળમાં કોઈ ગુનો કરેલ નથી. આરોપી નો કોઈ ગુનો કરવામાં ઇરાદો ન હતો, વધુમા હાલના ગુનાને કારણે સરકાર પક્ષ ને કોઈ નુકશાન ગયેલ નથી તેમજ હાલના ગુના કર્યા બાદ આ કામના આરોપીએ કે ફરીયાદી કે અન્ય કોઈને ધાક-ધમકી કે ઇજા કરેલ હોય તેવુ પણ બનેલ નથી. વધુમાં હાલના આરોપીએ સમાજની અંદર રહેવાનુ હોય અને તેઓના માન-મોભાને જો વધુ પડતી સજા કરવામાં આવે તો ઠેસ પહોંચે તેમ હોય તે સંજોગોને પણ ધ્યાને લેવા વિનંતી કરેલ છે. વધુમાં આરોપીનો પ્રથમ ગુનો હોય તેમજ આરોપીના પરીવારની જવાબદારી તેમની ઉપર રહેલ હોય, બનાવ સમયના સંજોગો વિગેરે ધ્યાને લઈ આરોપીને પ્રોબેશનનો લાભ આપી, ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી કરેલ છે.
ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ.એસ.રાઠોડને સાંભળ્યા.તેઓની દલીલ છે કે આરોપી વિરૂદ્ધ ફરિયાદપક્ષે ની:શંકપણે કેસ પુરવાર કરેલ હોય તેમજ આરોપીઓએ ગંભીર ગુનો આચરેલ હોય, સમાજમાં દાખલો બેસાડવા સખત સજા અને દંડ કરવા અરજ ગુજારેલ છે.

(૨) બંને પક્ષોની દલીલો ધ્યાને લઈ હાલના ગુનાના કામે આરોપી રવિરાજભાઈ ઉર્ફે રવીભાઈ અશોકદાન રત્નુંને ભારતીય દંડ સંહિતાની કલમ-326 મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવા હુકમ કરેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમની કલમ - 326 મુજબના ગુન્હામાં આજીવન કારાવાસ અથવા 10 વર્ષ સુધીની જોગવાઈ છે. તેમજ કરેલ હુકમ મુજબ આરોપીઓએ ઇજા પામનાર સાહેદને પ્રાણઘાતક હથિયાર વડે ગંભીર ઈજાઓ પહોચાડેલ છે. તેવા સંજોગોમાં જો આરોપીને કોર્ટ દ્વારા પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો સમાજમાં કોર્ટમાં તેમજ આરોપીના કૃત્યના કારણે પ્રોબેશન આપવાથી સમાજમાં કાયદો અને વ્યવસ્થાની અસ્થિરતા જોવા મળે અને ગંભીર પ્રકારના ગુન્હામાં સજા ન કરતા પ્રોબેશનનો લાભ મેળવી છુટી જવાય છે તેવી સમાજમાં છાપ પડે તેમ છે.

નામદાર સુપ્રીમ કોર્ટે **દલબીર સિંઘ વિરૂદ્ધ સ્ટેટ ઓફ હરિયાણા(AIR 2000 SC 1677)** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,

**The conditions for applying Section 4 of the P.O. Act have been delineated in the commencing portion of the provision in the following words:**

**"When any person is found guilty of having committed an offence not punishable with death or imprisonment for life and the Court by which the person is found guilty is of opinion that, having regard to the circumstances of the the case including the nature of the offence and the character of the offender, it is expedient to release him on probation of good conduct.........**

**Parliament made it clear that only if the court forms the opinion that it is expedient to release him on probation for his good conduct regard being had to the circumstances of the case. One of the circumstances which cannot be sidelined in forming the said opinion is "the nature of the offence."**

**Thus Parliament has left it to the court to decide when and how the court should form such opinion. It provided sufficient indication that releasing the convicted person on probation of good conduct must appear to the court to be expedient. The word "expedient" had been thoughtfully employed by the Parliament in the section so as to mean it as "apt and suitable to the end in view". In Block's Law Dictionary the word "expedient" is defined as "suitable and appropriate for accomplishment of a specified object" besides the other meaning referred to earlier. In State of Gujarat v. Jamnadas G. Pabri & Ors., AIR (1974) SC 2233 a three Judge Bench of this Court has considered the word "expedient". Learned Judges have observed in paragraph 21 thus:**

**"Again, the word 'expedient' used in this provisions, has several shades of meaning. In one dictionary sense, 'expedient' (adj.) means 'apt and suitable to the end in view', 'practical and efficient'; 'politic'; 'profitable', 'advisable', 'fit, proper and suitable to the circumstances of the case'.**

**In another shade, it means device 'characterised by mere utility rather than principle conducive to special advantage rather than to what is universally right' (see Webster's New International Dictionary)." It was then held that the court must construe the said word in keeping with the context and object of the provision in its widest amplitude. Here the word "expedient" is used in Section 4 of the P.O. Act in the context of casting a duty on the court to take into account "the circumstances of the case including the nature of the offence. This means Section 4 can be resorted to when the court considers the circumstances of the case, particularly the nature of the offence, and the court forms its opinion that it is suitable and appropriate for accomplishing a specified object that the offender can be released on probation of good conduct.**

ઉપરોકત સંજોગોમાં આરોપી દ્વારા કરવામાં આવેલ ગુનાનો પ્રકાર ધ્યાને લેતા આરોપીને પ્રોબેશનનો લાભ આપવો યોગ્ય, વયાજબી તેમજ ન્યાયોચિત જણાતો નથી. પરંતુ કુટુંબની જવાબદારી વિગેરે ધ્યાને લઈ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

1. આ કામના આરોપીઓ (૧) ભરતભાઈ જેઠુરભાઈ ધાંધલ ઉ.વ.૨૬.,(૨) રણજીતભાઈ જેઠુરભાઈ ધાંધલ ઉ.વ.૩૦,(૩) ધીરુભાઈ સામતભાઈ ખાચર ઉ.વ.૫૦.,(૪) પ્રતાપભાઈ અનકભાઈ ખાચર ઉ.વ.૨૦.,(૫) રણજીતભાઈ અનકભાઈ ખાચર ઉ.વ.૨૪.,(૬) ઉમેશભાઈ ઉર્ફે ખુરી અનકભાઈ ખાચર ઉ.વ.૨૨.,(૭) હરેશભાઈ ગભરુભાઈ ખાચર

ઉ.વ.૨૨.(૮) શીવરાજભાઈ ઉર્ફે શીવકુભાઈ દાનભાઈ ખાચર ઉ.વ.૧૯, રહે.બધા ખસ તા.રાણપુર, જિ.બોટાદનેને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૨) અન્વયે, ભારતીય દંડ સંહિતાની કલમ- 326 મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ આરોપીઓને 3 (ત્રણ) વર્ષની સાદી કેદની સજા નો હુકમ કરવામાં આવે છે.

2. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૪૨૮ મુજબ આરોપીઓએ જો કાચા કામનાં કેદી તરીકે રહેલ હોય તો તેટલો સમય ફરમાવેલ સજાના સમયમાંથી મજરે આપવો.

3. સદરહું ચુકાદાની એક સર્ટીફાઈડ નકલ દરેક આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૬૩(૧) મુજબ વિના મૂલ્યે પૂરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

4. આરોપીઓએ સુધારેલ સી.આર.પી.સી.ની કલમ -437(A) મુજબ અપીલ નાં કામે હાજર રેહવાની ખાતરી આપતો રૂ.20,000/- ના જામીન અને એટલીજ રકમ નો મુચરકો અત્રે ની કોર્ટ માં રજૂ કરવો.

હુકમ આજરોજ તારીખ-15,માહે-એપ્રિલ,સન-2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: બોટાદ

તારીખ:15/04/26

(એચ.એચ.પટેલ)
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ
ક્લાસ,રાણપુર.